# રિવર્તન પામતાં ગુજરાતનાં આદિવાસી ગામો

## ગાઢવી (જિ. ડાંગ)

-: અહેવાલ લેખન :-
ડૉ. સિધ્ધરાજ સોલંકી
જશવંતસિંહ રાઠોડ

-: સંકલન :-
ડૉ. ઠા. ભા. નાયક

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ–૩૮૦૦૧૪.
૧૯૯૦

૨૮૦

## અ નુ ક્ર મ ણિ કા


| ક્રમ | પ્રકરણનું નામ | પાન નંબર |
| --- | --- | --- |
| ૧. | પ્રાસ્તાવિક<br>ગાઢવી (જિલ્લો ડાંગ) પરિચય તથા.<br>તપાસેલ કુટુંબોની વિગતો | ૧ |
| ૨. | ભૌતિક જીવન | ૧૬ |
| ૩. | આર્થિક જીવન | ૩૨ |
| ૪. | જાતિ અને વ્યવસાય પ્રમાણે<br>તુલનાત્મક સ્થિતિ (૧૯૮૯) | ૫૦ |


-૦-૦-૦

## કોઠાસૂચિ


| કોઠા નં. | કોઠાનું નામ | પાન નંબર |
|---|---|---|
| ૧. | ગામની વસતિ તથા કામ કરનાર તથા કામ નહીં કરનારની વિગત દર્શાવતો કોઠો | ૧૨ |
| ૨. | ધંધા પ્રમાણે વર્ગીકરણ દર્શાવતો કોઠો | ૧૩ |
| ૩. | ગામની જમીનની વિગત દર્શાવતો કોઠો | ૧૪ |
| ૪. | ગામની શાળા ધોરણવાર ભણતા બાળકોની સંખ્યા | ૧૫ |
| ૫. | ઘરનો પ્રકાર તથા ઓરડાની સંખ્યા દર્શાવતો કોઠો | ૧૭ |
| ૬. | છાપરાનો પ્રકાર દર્શાવતો કોઠો | ૧૭ |
| ૭. | ઘરની જમીન માલિકી દર્શાવતો કોઠો | ૧૮ |
| ૮. | વાસણો દર્શાવતો કોઠો | ૧૯ |
| ૯. | ફર્નિચર દર્શાવતો કોઠો | ૨૦ |
| ૧૦. | ખેતીના સાધનો દર્શાવતો કોઠો | ૨૧ |
| ૧૧. | પશુઓની સંખ્યા દર્શાવતો કોઠો | ૨૨ |
| ૧૨. | જાતિ દર્શાવતો કોઠો | ૨૫ |
| ૧૩. | કુટુંબનું કદ દર્શાવતો કોઠો | ૨૬ |
| ૧૪. | કુટુંબનો પ્રકાર દર્શાવતો કોઠો | ૨૬ |
| ૧૫. | વયજૂથ પ્રમાણે વર્ગીકરણ દર્શાવતો કોઠો | ૨૭ |
| ૧૬. | વૈવાહિક દરજ્જો દર્શાવતો કોઠો | ૨૯ |
| ૧૭. | શિક્ષણ દર્શાવતો કોઠો | ૩૦ |
| ૧૮. | ચાલુ શિક્ષણ દર્શાવતો કોઠો | ૩૧ |
| ૧૯. | વ્યવસાય દર્શાવતો કોઠો | ૩૩ |
| ૨૦. | કમાનાર સભ્યો દર્શાવતો કોઠો | ૩૪ |
| ૨૧. | જમીનનું પ્રમાણ દર્શાવતો કોઠો | ૩૫ |
| ૨૨. | જાતિવાર જમીનનું પ્રમાણ દર્શાવતો કોઠો | ૩૬ |
| ૨૩. | આવક દર્શાવતો કોઠો | ૩૭ |
| ૨૪. | જુદી જુદી મજૂરીની આવક દર્શાવતો કોઠો | ૩૯ |
| ૨૫. | બહારગામ મજૂરીએ જતા કુટુંબોની વિગતો દર્શાવતો કોઠો | ૪૧ |


(પાછળ ચાલુ)

| કોઠા નં. | કોઠાનું નામ | પાન નંબર |
|---|---|---|
| ૨૬. | વપરાશી ખર્ચ દર્શાવતો કોઠો | ૪૪ |
| ૨૭. | ઘરેણાં દર્શાવતો કોઠો | ૪૫ |
| ૨૮. | સ્થાયી મિલકત દર્શાવતો કોઠો | ૪૬ |
| ૨૯. | દેવું દર્શાવતો કોઠો | ૪૭ |
| ૩૦. | એજન્સીવાર દેવું દર્શાવતો કોઠો | ૪૮ |
| ૩૧. | હેતુવાર દેવું દર્શાવતો કોઠો | ૪૯ |
| ૩૨. | જાતિ પ્રમાણે વસતિ દર્શાવતો કોઠો | ૫૦ |
| ૩૩. | જાતિવાર કમાનારની સંખ્યા દર્શાવતો કોઠો | ૫૧ |
| ૩૪. | જાતિવાર આવક દર્શાવતો કોઠો | ૫૨ |
| ૩૫. | જાતિવાર આવક ખર્ચ દર્શાવતો કોઠો | ૫૩ |
| ૩૬. | જાતિવાર દેવું દર્શાવતો કોઠો | ૫૪ |
| ૩૭. | જાતિવાર મજૂરીની આવક દર્શાવતો કોઠો | ૫૫ |
| ૩૮. | જાતિવાર શિક્ષણ દર્શાવતો કોઠો | ૫૭ |


-૦-૦-૦

# પ્રકરણ – ૧

## પ્રાસ્તાવિક :-

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર તરફથી ૧૯૬૯-૭૦ના વર્ષમાં ગુજરાતની મુખ્ય આદિવાસી જાતિઓ પર અભ્યાસગ્રંથ રચવાનું હાથ ધરવામાં આવ્યું હતું. આ તપાસ માટે જુદા જુદા વિસ્તારમાંથી જુદી જુદી જાતિઓના ગામો પસંદ કરવામાં આવ્યા હતા. ગુજરાતની સૌથી વધુ વસતિ ધરાવતી ભીલ જાતિના ગામો પણ જુદા જુદા વિસ્તારમાંથી પસંદ કરવામાં આવ્યા હતા. ડાંગ જિલ્લામાંથી ગાઢવી ગામ ભીલજાતિના અભ્યાસ માટે પસંદ કરવામાં આવ્યું હતું. કેન્દ્ર દ્વારા ૧૯૭૯માં પણ એજ ગામ અને એજ કુટુંબોની પુન:તપાસ કરવામાં આવી હતી. તેજ રીતે ૧૯૮૯માં આ બધા ગામોના તુલનાત્મક અભ્યાસ માટે પુન: મોજણીનું કાર્ય હાથ પર લીધું હતું. ગાઢવી ગામની પણ પુન: મોજણી કરવામાં આવી હતી.

## તપાસનો ઉદ્દેશ્ય :-

ગામમાંથી વીસ વરસ પહેલાં પ્રથમ મોજણી વખતે જે કુટુંબોને પસંદ કરવામાં આવ્યાં હતાં તેના તેજ કુટુંબોને પુન: મોજણી ટાણે આવરી લેવાનો ઉદ્દેશ રાખવામાં આવ્યો હતો. વીસ વર્ષના ગાળા દરમિયાન આ કુટુંબોની આર્થિક સ્થિતિમાં કયા પ્રકારનાં પરિવર્તનો થયાં છે અને સમગ્ર ગામમાં શા ફેરફારો થયા છે તે જાણવાનો ઉદ્દેશ રખાયો હતો.

## તપાસ પધ્ધતિ :-

આ ગામની તપાસ સર્વે પધ્ધતિથી હાથ ધરવામાં આવી હતી અને સાથોસાથ સહભાગી નિરીક્ષણ, તથા અગાઉના અહેવાલોની આંકડાકીય માહિતી તથા પંચાયત રેકર્ડનો ઉપયોગ કરી માહિતી એકત્ર કરવામાં આવી હતી. આ તપાસમાં માત્ર સંખ્યાધિક દૃષ્ટિએ માહિતી એકઠી કરવામાં આવી નથી પરંતુ ગુણાત્મક પાસાને પણ સરખું મહત્વ આપવામાં આવ્યું છે. આ તપાસ માટે પહેલાં સર્વેક્ષણની જેમ એક પ્રશ્નાવલી તૈયાર કરવામાં આવી હતી અને તે દ્વારા તેમના જીવનના આર્થિક સામાજિક પાસાં વિશે માહિતી એકત્ર કરવામાં આવી હતી.

ગામની ભૌગોલિક રચના :-

આદિવાસી ડાંગી ભીલ જાતિના અભ્યાસ માટે ડાંગ જિલ્લામાંનું ગાઢવી ગામ પસંદ કરવામાં આવ્યું હતું. અંગ્રેજી શાસનકાળથી જુના મુંબઈ રાજ્યમાં અને હાલ ગુજરાત રાજ્યમાં આગવું સ્થાન ધરાવતા આજ નામના એકજ તાલુકાના બનેલા આ જિલ્લાનો વિસ્તાર ૧૭૬૪ ચોરસ કિલોમીટર છે. તેના નાના મોટા બધાં મળીને ૩૧૧ ગામડાં છે. જેની ૧૯૮૧ની વસ્તી ગણતરી પ્રમાણે કુલ વસતિ ૧,૧૩,૬૬૪ જેટલી છે. તેમાં ૯૨.૩૧ ટકા આદિવાસીઓની વસતિ છે અને બાકીના અન્ય છે. જેઓ ધંધાર્થે આવેલા લોકો છે. તેઓ મોટેભાગે મહારાષ્ટ્ર અને ગુજરાત રાજ્યના આજુબાજુના જિલ્લાઓના છે.

ગુજરાત રાજ્ય જંગલોથી ભરપુર નથી જ્યારે રાજ્યનો અમુક ભાગ જંગલનો પ્રદેશ છે. જેમાં ગીરના જંગલો જુનાગઢમાં આવેલા છે. અને પશ્ચિમમાં સરહદનો વિસ્તાર કે જે ઉત્તરમાં બનાસકાંઠાથી શરૂ થઈને સાબરકાંઠા, પંચમહાલ, વડોદરા અને ભરુચ, સુરત, વલસાડ સુધી અને દક્ષિણમાં ડાંગ સુધી આવેલો છે. ડાંગ જિલ્લો સંપૂર્ણ રીતે ટેકરીઓથી ભરપુર છે. અને ૬૮૯૦ માઈલના વિસ્તારમાં જંગલો આવેલા છે. આખા રાજ્યમાં સારામાં સારા જંગલો આ જિલ્લામાં આવેલા છે. ડાંગ શબ્દનો અર્થ પણ જંગલ જ થાય છે. ગાઢવી ગામ આ જંગલ વિસ્તારના કેન્દ્રમાં આવેલું છે. જ્યાં મુખ્યત્વે આદિવાસીઓની વસતિ છે. ડાંગ જિલ્લો સંપૂર્ણ રીતે ગ્રામ્ય વિસ્તારનો બનેલો છે. ગાઢવી ગામની આજુબાજુ ઉંચા જંગલોથી છવાયેલું છે અને ગીચ જંગલમાં આવેલું છે. ગામ સહયાદ્રિ હારમાળાઓની બહારના ભાગમાં વસેલું છે. ગામ ત્રણ ભાગમાં વહેંચાયેલું છે. રુઈમલ, ખંડેરપાડા અને ચિભડીયાપાડા. ચિભડીયાપાડા એ આગલા બે વિભાગથી એક માઈલ પર આવેલું ફળિયું છે. મોટાભાગના કુટુંબો રુઈમલ ફળિયામાંવસે છે. થોડાઘણાં કુટુંબો ચિભડિયા પાડામાં વસે છે. ખંડેરપાડા એ ખંડેર વિસ્તાર છે જ્યાં થોડા કુટુંબોનો વસવાટ છે.

ગાઢવી ગામ બે માઈલના વિસ્તારમાં વસેલું છે. ગામની ડાબી બાજુએ અમુક કુટુંબો રહે છે જ્યારે વચ્ચે ગામનો સીધો રસ્તો છે અને જમણી બાજુએ અમુક કુટુંબો વસવાટ કરે છે. ગામમાં હાલમાં પાકા રસ્તાની સુવિધા ઉપલબ્ધ છે જે દસ વર્ષ પહેલાં ન હતી. આ ગામનો અભ્યાસ વસતિ ગણતરી

ખાતા દ્વારા ૮મી નવેમ્બર ૧૯૬૦માં શરૂ કરવામાં આવ્યો હતો અને ૧૯૬૦ની ૩૧મી ડીસેમ્બરના રોજ સંપૂર્ણ થયો હતો. તપાસ દરમિયાન ગામમાં વસતા કુલ ૧૪૩ કુટુંબોને આવરી લેવામાં આવ્યા હતા. આમ દર દસકાના ગાળામાં ગામમાં શું ફેરફારો થયા છે તે જાણી શકાય.

ગાઢવી ગામની આજુબાજુ ૧૦૦ થી ૧૨૫ ફૂટ ઉંચા સાગનાં જંગલો આવેલાં છે. ગાઢવી ગામ જિલ્લાના મુખ્યમથક આહવાથી ૧૪ કિ.મી. ઉત્તરે આવેલું છે. ગાઢવી ગામની ઉત્તરે મોટી કસાડ, દક્ષિણમાં 'સુકમાળ', પશ્ચિમમાં કોટબા અને પૂર્વમાં જામલાપાડા ગામો આવેલાં છે.

૧૯૬૧ની તપાસ વખતે ગામમાં વાહનવ્યવહારની કોઈ સગવડ ન હોતી. અને ગામ સાથે જિલ્લાના વાહન વ્યવહારનો કોઈ માર્ગ નહોતો. ગામમાં જવા માટે લશ્કરી આંબા બસ સ્ટોપથી ૮ માઈલ ચાલીને ગામમાં આવવું પડતું હતું. હાલમાં ડાંગના જંગલ વિસ્તારને પાકા રસ્તા દ્વારા સાંકળવામાં આવ્યા છે. કેન્દ્રની પ્રથમ તપાસ સમયે આહવાથી મહાલ જતી બસ ગાઢવીના બસસ્ટોપ આગળ ઉભી રહેતી હતી. બસસ્ટોપથી ગામમાં અંદરના ભાગમાં ૧ માઈલ દૂર ચાલીને જઈ શકાતું હતું. હાલમાં ગામ પર જવા માટેની બસવ્યવસ્થા થઈ છે. ચોમાસા સિવાયના સમય દરમિયાન ગામમાં ત્રણવાર બસ સુવિધા ઉપલબ્ધ છે. ચોમાસાના દિવસોમાં જામલાપાડા અથવા ગાઢવી બસ સ્ટોપથી ચાલી ગાઢવી ગામમાં જઈ શકાય છે. ખાનગી વાહન વ્યવહાર કાયમ માટે ચાલુ રહે છે.

પહેલાં તાર-ટપાલની કોઈ સીધી સગવડ નહોતી. હાલમાં ગામમાં દરરોજ ટપાલ આવતી થઈ છે. ગામની નિશાળના શિક્ષક આ કામ સંભાળે છે. ગામની જાહેર સવલતોમાં પીવાના પાણીની વ્યવસ્થા પૂરતી નથી. કૂવાઓ-માંથી પાણી ખેંચી લાવી પીવું પડે છે જે ઉનાળામાં સૂકાઈ જાય છે, ત્યારે પીવાના પાણીની મુશ્કેલી પડે છે. ચાલુ સાલે તો ગામ લોકોએ ટેન્કરની માગણી કરેલી તે પણ ઉપલબ્ધ થઈ નહોતી. જો કે જિલ્લા પંચાયત તરફથી ઉનાળામાં પાણીની અછતવાળાં ગામોમાં પરબ બેસાડવાની વ્યવસ્થા કરવામાં આવે છે. ગાઢવી ગામે ૧૯૮૧-૮૨માં ચેક ડેમ મંજૂર થયેલો છે. તે હજુ પણ પૂરો થયો નથી. ગામ લોકોની માગણી હતી કે મોટો ડેમ થાય તો પીવાના પાણી ઉપરાંત ખેતી માટે પણ પાણી મળી શકે. ગાઢવી ગામથી થોડે દૂર જંગલમાં એક કૂવો છે. જેને ''પાટવી હેર કૂવા''ના નામે ઓળખે છે. ત્યાં

પાણી સારું છે. ત્યાંથી પાઈપ લાઈન દ્વારા પાણી લાવી શકાય તેમ છે. તે માટેની રજૂઆત સત્તાવાળાઓને કરવામાં આવી હતી. જો પાઈપલાઈન નંખાય તો પીવાના પાણીનો પ્રશ્ન હલ થઈ શકે તેમ છે. ગામ આગેવાનોના જણાવ્યા પ્રમાણે પહેલાંની સરખામણીમાં આજે રોજ રોજ પાણીનો વપરાશ નાહવા, ધોવા, પશુઓ માટે વધી રહયો છે. મોટો ચેક ડેમ થાય તો આજુબાજુના ચાર, પાંચ ગામોને પણ લાભ થાય તેમ છે. ગામમાં બે દળવાની ઘંટીઓની સગવડ ઉપલબ્ધ છે. તે ઓઈલ એન્જિનથી ચાલે છે. ગામમાં લાઈટની સગવડ છે પણ તે બધા જ ઘરોમાં છે તેવું નથી, વળી પાવર પણ નિયમિત આવે છે તેવું પણ નથી. ગામમાં બે ત્રણ દુકાનો છે જે જીવન જરૂરી ચીજવસ્તુઓ વેચે છે. ગામમાં ૧ થી ૭ ધોરણની પ્રાથમિક શાળા છે, પણ ઓરડાની સંખ્યા અપૂરતી છે. ફક્ત બેજ ઓરડા છે. એક શિક્ષક નિવાસ છે. પ્રાથમિક શાળામાં ટેલીવિઝન-ટી.વી. પણ મૂકવામાં આવ્યો છે. ગામમાં પણ એક શિક્ષકના ઘરે ટી.વી. હતો. આ ઉપરાંત સ્કુટર, સાયકલ વગેરેની સંખ્યા પણ વધેલી જોવા મળી હતી. આ ઉપરાંત રેડિયો, ટેપરેકોર્ડર પણ જોવા મળ્યા હતા.

ગામનો ઈતિહાસ :-

આ ગામમાં સૌથી પહેલાં ભીલો વસતા હતા, ત્યારબાદ આદિવાસી જાતિઓ આવીને વસી હતી. (કુનબી અને વારલી). ગુજરાતમાં આ એકજ જિલ્લો એવો છે કે જ્યાં આદિમજાતિઓ શાસક હતી. ડાંગને ૧૯૪૯માં મુંબઈ રાજ્યમાં જોડી દેવામાં આવ્યું હતું. ગાઢવીના ભીલ રાજાએ ડાંગના રાજાઓ અને નાયકોમાં પ્રથમ સ્થાને ગણાતા. આ માજી રાજાને દર વર્ષે પેન્શન મળે છે. આ ભીલ રાજાઓ તેમના પ્રજાજનો એવા વારલી અને આર્થિક રીતે સમૃધ્ધ કુનબી ખેડૂતો પર અમુક સત્તા ભોગવતા હતા. બ્રિટિશકાળ દરમિયાન ડાંગના સમૃધ્ધ જંગલનો લાભ લેવા માટે ૧૮૬૨માં બ્રિટિશરોએ ડાંગના રાજાઓ સાથે કરાર કરી જંગલ કાપી લઈ તે વેચી અઢળક કમાણી કરી હતી. આ ઉપરાંત રાજાઓ એમની પાસે અમુક હકક રાખતા હતા. પહેલાંથી જ ભીલો જંગલની પેદાશો એકઠી કરી જીવન જીવતા હતા અને નાગલીની ખેતી ઉપર પોતાનાં જુનવાણી સાધનો દ્વારા કરતા હતા અને તેમની પ્રજાનો અમુક ભાગ સારી રીતે હળથી ખેતી કરતો હતો. તેમની પર લાગો નાખવાની સત્તા રાજાઓના હાથમાં હતી. રાજા અને રૈયત વચ્ચે સંબંધો કેટલીકવાર વણસતા પણ ખરા. રાજા પોતાના હજુરિયા દ્વારા રૈયત પર ત્રાસ ગુજારે એવા બનાવો પણ બનતા. ગાઢવીના રાજાની લગભગ ૯૫ ગામો પર હકુમત હતી.

સ્વાતંત્ર્તા પછી પોતાની સત્તા છોડી દીધા પછી ભીલ રજાઓ પોતાની ઉદાસીનતા અને હતાશાને કારણે ખાસ કરીને ત્યાંના પ્રગતિશીલ કુનબી ખેડૂતોની તુલનામાં પોતાની ખેતીના વિકાસ માટે કોઈ પગલાં લીધા નહી. તેમની ખેતીની પધ્ધતિ જુનવાણી હતી અને ખેતીની આવક ઘણી જ ઓછી હતી. ૧૯૫૩ સુધી તેમના પહેલાંના રૈયતની સરખામણીએ તેમની રહેણીકરણી ઘણી ઉતરતી હતી. વસતિમાં મુખ્યત્વે ભીલો, કુનબી અને વારલી હતા. એક બાજુએ ભીલ લોકો રાજકીય રીતે તેમની પ્રગતિવાદી રૈયત પર સત્તા ભોગવતા હતા જ્યારે બીજી બાજુએ વારલી અને કુનબી ધાર્મિક રીતે તેમની હિંદુ જાતિના વંશજો માનતા હતા અને સામાજિક દરજ્જામાં ભીલો કરતાં ઉંચા માનતા હતા અને તેઓ ભીલના હાથેથી ખાવાની ના પાડતા હતા અને તેમની જ્ઞાતિના કોઈ માણસ ભીલની છોકરી સાથે સંબંધ બાંધે તો તેને નાત બહાર કાઢી બહિષ્કાર કરતા હતા. આમ ભીલો કરતાં વારલી અને કુનબી પોતાને ઉંચા માનતા. ભીલની સરખામણીમાં વારલી અને કુનબી આર્થિક રીતે સધ્ધર હતા, તેમની ખેતી પણ સારી હતી.

આબોહવા-વરસાદ :-

ડાંગ જિલ્લાનું હવામાન જાન્યુઆરીથી માર્ચ મહિના સુધીમાં ઘણું જ ખુશનુમા હોય છે. આ સમય દરમિયાન જિલ્લામાં ફરવા માટેનો સમય સારો ગણી શકાય. જ્યારે માર્ચથી મે મહિનામાં વધુ ગરમી પડે છે. ઉનાળામાં સૌથી વધુ ઉષ્ણતામાન ૪૨.૨૨ ॰ સેન્ટીગ્રેડ અને ઓછામાં ઓછું ૨૨.૨૨ ॰ સે.ગ્રે. હોય છે. જ્યારે શિયાળામાં નવેમ્બરથી ફેબ્રુઆરી સુધીમાં ઉષ્ણતામાન ૧૫ ॰ સેન્ટીગ્રેડથી નીચે જતું નથી અને ૩૨ ॰ સેન્ટીગ્રેડથી વધુ રહેતું નથી.

સામાન્ય રીતે વરસાદની શરૂઆત જૂન માસમાં થાય છે. જ્યારે જુલાઈથી સપ્ટેમ્બર માસમાં ભારે વરસાદ પડે છે. સરેરાશ જિલ્લામાં ૬૦''થી ૧૦૦'' વરસાદનું પ્રમાણ રહે છે. ગુજરાત રાજ્યમાં ડાંગ જિલ્લામાં બધા જિલ્લાઓ કરતાં સૌથી વધુ વરસાદ પડે છે. વરસાદનું પાણી નાનાં ઝરણાંઓ મારફતે વહીને જિલ્લાની અંબિકા અને પુરાણની મોટી નદીઓમાં જાય છે. આ ઉપરાંત ડાંગમાં નાનીમોટી પાંચ નદીઓ વહે છે. જે ખાપરી, ગીરા, ઢાઢર, ધોધર, ધાંધકા નદીઓ છે. ડાંગના લોકોમાં એક માન્યતા છે કે પ્રથમ વરસાદે પૂર્ણા નદીમાં પૂર આવે તો વરસ સારું જાય છે. જ્યારે ખાપરી નદીમાં પૂર આવે તો વર્ષ નબળું જાય છે.

આ વિસ્તારમાં ભારે વરસાદ પડે છે તેમ છતાં અમુક ભૌગોલિક પરિસ્થિતિને કારણે ઉનાળામાં પાણીની અછત રહે છે. ઉનાળામાં નાના ઝરણાઓ અને નદીઓના પાણી સૂકાઈ જાય છે. અને પાણીની તંગી રહે છે. ગાઢવી ગામના પણ બેત્રણ કુવાઓનું પાણી સૂકાઈ જવાને લીધે ઘણી જ મુશ્કેલી રહે છે. આમ એકબાજુએ જિલ્લામાં ઘણો જ વરસાદ પડે છે જ્યારે બીજીબાજુ ઉનાળામાં પાણીની અછતના કારણે પીવા માટેનું પાણી પણ મળતું નથી.

જંગલો :-

ડાંગ જિલ્લો જંગલોથી ભરપુર છે. તેમાં ઈમારતી લાકડા માટે વખણાતો સારો એવો સાગ છે. પહેલાં ડુમસી સાત તરીકે પરદેશમાં પણ જાણીતો હતો. અહીંનો સાગ મલબારના સાગની બરોબરી કરે તેવો સારી જાતનો છે. તે સિવાય સિસમ, ધામક, સાદડો, તણસ, ખેર, બેહડો, ખાખરા વગેરે પ્રકારના અન્ય ઈમારતી અને જલાઉ લાકડાના ઝાડો પુષ્કળ પ્રમાણમાં છે. નાનવેલ અને કાસર એમ બે પ્રકારના વાંસ છે. કાસર પહેલાં પ્રકારનો વાંસ કાંટાવાળો હોય છે. જ્યારે બીજા પ્રકારનો વાંસ કાંટા વગરનો હોય છે. આ જાતના વાંસ તમામ વિસ્તારમાં આવેલા છે.

પહેલાં જંગલોની સમૃધ્ધ તમામ પ્રદેશોની માલિકી ડાંગના સ્થાનિક આદિવાસી ભીલ રાજાઓની હતી. તેમાં પાંચ મુખ્ય રાજાઓ અને નવ નાયક (સરદાર) એવા એ ડાંગના ચૌદ ભાગીદારો હતા. બ્રિટિશકાળ દરમિયાન ડાંગના આ અમુલ્ય વનશ્રીનો લાભ લેવા ખાતર બ્રિટિશરોએ ડાંગના રાજાઓ સાથે કરારો કરી જંગલો કાપી લઈ તે વેચી, પૈસા કમાણીની શરૂઆત કરતાં. આ પૈસાના માલિકો બ્રિટિશ પોતે ગણાતા તેથી ડાંગના રાજાઓએ પ્રતિકાર કર્યો હતો. આખરે તેઓને સાલિયાણાની 'પોલિટિકલ પેન્શન'ની લાલચ આપી ડાંગનો આખો પ્રદેશ ઝુંટવી લીધો. પછીથી તેઓની કારકિર્દી દરમિયાન ડાંગના આખા પ્રદેશના અનામત અને રક્ષિત જંગલ એમ બે ભાગ પાડયાં.

ડાંગના જંગલોમાં હજુ પણ જંગલી પ્રાણીઓનો ડર રહે છે. ડાંગ પહેલાં જંગલી પ્રાણીઓના શિકાર માટે સારામાં સારી જગ્યા ગણાતી હતી. જ્યારે આ વિસ્તારમાં પક્ષીઓ પણ સારા પ્રમાણમાં જોવા મળે છે. જુદી જુદી ઋતુઓમાં જુદી જુદી જાતના પક્ષીઓ આવે છે. આવા વિસ્તારના ઘણા જંગલો અને ટેકરીઓ દરિયાની સપાટીથી ૬ થી ૮ હજાર ફૂટ ઉંચા હોવાથી

રાજ્ય સરકાર દ્વારા આવી જગ્યાઓએ હવા ખાવાના સ્થળ તરીકે વિકસાવી શકાય. સાપુતારા જે ૩૨૦૦ ફૂટ ઉંચુ હોવાને કારણે હવા ખાવાના સ્થળ તરીકે વિકસાવવામાં આવ્યું છે.

વસતિ :-

૧૯૬૦માં વસતિ ગણતરી વિભાગ દ્વારા ગાઢવી ગામની આર્થિક મોજણી કરવામાં આવી હતી. પહેલી તપાસ દરમિયાન કુલ ૧૪૩ કુટુંબો હતા. પહેલી તપાસમાં આદિવાસી અને બિન આદિવાસીઓની વસતિ હતી. આદિવાસી વસતિમાં ભીલ, કુંનબી અને વારલી છે જ્યારે બિન આદિવાસી-ઓમાં પ્રથમ તપાસ વખતે ૧ મુસ્લિમ, ૧ સુથાર અને ૧ સોની કુટુંબ હતું. બીજી તપાસ વખતે બિન આદિવાસી વસતિનાં ત્રણ કુટુંબો નહતા; બીજી તપાસ વખતે ૧૬૮ કુટુંબો હતા જ્યારે ત્રીજી તપાસ સમયે ગામમાં ૧૮૮ કુટુંબો હતા. બધા જ આદિવાસી ભીલ, કુનબી અને વારલી કુટુંબો હતા. બિનઆદિવાસી કુટુંબો ન હતા. આમ ત્રીજી તપાસ વખતે ગામ સો ટકા આદિવાસી વસતિ ધરાવતું ગામ હતું.

પહેલી તપાસ મુજબ ગામની કુલ વસતિ ૭૨૪ માણસોની હતી જેમાંથી અનુક્રમે ૩૬૭ પુરુષો અને ૩૫૭ સ્ત્રીઓ હતી. આમ સ્ત્રી પુરુષોનું પ્રમાણ લગભગ સરખું જ હતું. ભીલ વસતિ કુલ વસતિના ૫૪.૫ ટકા કુનબી ૩૯.૨૦ ટકા, વારલી ૪.૨ ટકા અને બિન આદિવાસી વસતિ ૨.૧૦ ટકા હતી. કુલ ૧૪૩ કુટુંબોમાંથી ૭૮ કુટુંબો ભીલોના, ૫૬ કુટુંબો કુનબીના, ૬ કુટુંબો વારલીના અને બાકીના ત્રણ કુટુંબો બિન આદિવાસીના હતા.

કેન્દ્રની પ્રથમ તપાસ દરમિયાન ગામમાં કુલ ૧૬૮ કુટુંબો હતા જેમાં બિન આદિવાસીઓ એકેય કુટુંબ નહોતું. કેન્દ્રની બીજી તપાસ દરમિયાન ગામમાં ૧૮૨ કુટુંબોની વસતિ હતી જ્યારે ત્રીજી તપાસ વખતે ગામમાં ૧૮૮ કુટુંબો હતા જેમાં એકેય બિન આદિવાસી કુટુંબ નહોતું. મુખ્ય વસતિ ભીલ, કુનબી અને વારલીની હતી. ૧૯૮૧ની વસતિ ગણતરી મુજબ ૯૪૦ માણસોની વસતિ હતી જેમાં અનુક્રમે ૪૭૩ પુરુષો અને ૪૬૭ સ્ત્રીઓ હતી. આમ પ્રથમ તપાસની જેમ સ્ત્રી પુરુષોનું પ્રમાણ લગભગ સરખું જ હતું. કેન્દ્ર દ્વારા પ્રથમ તપાસ કરવામાં આવી તેમાં ૧૬૮ કુટુંબોમાંથી નમુના પદ્ધતિ દ્વારા કુલ ૬૮ કુટુંબો પસંદ કરવામાં આવ્યા હતા. ૬૮ કુટુંબોમાંથી ૫૦ ટકા કુટુંબો

ભીલોના, ૨૫ ટકા કુટુંબો કુનબી અને ૨૫ ટકા વારલી કુટુંબો પસંદ કરવામાં આવ્યા હતા. આમ કુલ ૬૮ કુટુંબોની તપાસ કરવામાં આવી હતી. બીજી તપાસ વખતે ગામની સમગ્ર વિગતો સાથે ૪૫ કુટુંબોના કુટુંબ-પત્રકો ભરી માહિતી એકત્ર કરવામાં આવી હતી. આમાં બાકીનાં કુટુંબોની વિગતો મળી શકી ન હતી જ્યારે ત્રીજી તપાસ ૧૯૮૯ના જૂન માસમાં કરવામાં આવી ત્યારે ૧૯૭૯માં તપાસેલ કુટુંબોમાંથી ત્રણ કુટુંબોનો સંપર્ક થઈ શક્યો નહતો. તેમાં બે કુટુંબો બીજા ગામ રહેવા ગયા હતા જ્યારે એક કુટુંબ એવું હતું જેના વડીલનું મૃત્યુ થતાં કોઈ વારસદાર નહતા. આમ ત્રીજી વારની મોજણીમાં ૪૨ કુટુંબોનો સંપર્ક થઈ શક્યો હતો અને તેમની તપાસ કરવામાં આવી હતી.

<u>ભીલ</u> :-

ડાંગનું જંગલ રામાયણના સમયથી ઓળખાય છે. અને જાણીતું છે. આ જંગલ વિસ્તારને રામાયણમાં દંડકારણ્ય નામથી ઓળખવામાં આવતું એમ કહેવાય છે કે રામ, સીતા અને લક્ષ્મણ તેમના વનવાસના સમય દરમિયાન અહીં રહેતા હતા, એવી કિવદંતી છે. મહાભારતના નાયક પાંડવોએ પણ આ જગ્યાની મુલાકાત લીધી હતી. ગુજરાતના છેલ્લા રાજા કર્ણ પણ જતી વેળાએ ડાંગમાં આશરો લીધો હતો. ઘણા લાંબા સમય પહેલાં ભીલ આદિવાસીઓ આ પ્રદેશમાં આવીને વસ્યા હતા. ભીલ રાજાઓ સત્તા ભોગવતા હતા જ્યારે કુનબી અને વારલી અને કોંકણાઓ તેમજ ઉત્તરડાંગના ગામીત-માવચી તેમજ કાથોડાઓ તેમની રૈયત હતી. ગાઢવી ગામનો રાજા ૮૦ ગામ પર સત્તા ભોગવતો હતો અને સામંતશાહી પ્રથામાં નાયકોને સત્તા સોંપવામાં આવી હતી જે તેનો વહીવટ કરતા હતા. કુનબી, વારલી અને ભીલ આદિવાસીઓ એકબીજાથી જુદા છે. જોકે અમુક સામાન્ય સાંસ્કૃતિક વારસો પણ તેમના ઉત્સવોમાં દૃષ્ટિગોચર થાય છે. કુનબી અને વારલીઓ ભીલોને તેમનાથી સામાજિક રીતે નીચા ગણે છે. આ ત્રણે જાતિઓ ડાંગી તરીકે ઓળખાય છે.

<u>વારલી</u> :-

વારલીઓ આ પ્રદેશમાં ઘણા લાંબા સમયથી રહેતા આવ્યા છે. કોંકણના ઉત્તરના ભાગને વારાલાટ તરીકે ઓળખવામાં આવે છે. જ્યાં વારલી

રહેતા હતા. મોટેભાગે વારલી ધરમપુર અને વાંસદાના ટેકરાળ જંગલોમાંથી આવેલા છે. તેમની ભાષા પર ગુજરાતી ભાષાની અસર જોવા મળે છે. કેટલાક વારલીઓ માને છે કે તેઓ મૂળ દમણ અને નગર હવેલીથી આવી અહીં વસ્યા છે. એન્થોવનના મત પ્રમાણે વારલી અને ભીલોની સમ જાતિ છે. કારણ કે તેમના મત પ્રમાણે વારલી અને ભીલોની સમજાતિ છે. કારણ કે તેમના ઘણા ચિહનો-લક્ષણો સમાન છે. ભીલો, વારલી અને કોળી અને અન્ય ગુજરાતની આદિવાસી જાતિઓ અને બંગાળના પશ્ચિમ વિભાગમાં વસતિ જાતિઓ એકજ છે. આ જાતિના મૂળ વિશે વિદ્વાનોમાં અનેક મતભેદો પ્રવર્તે છે. એક મંતવ્ય પ્રમાણે વારલી નામ 'વારલા' પરથી ઉતરી આવ્યું છે. વારલા એટલે પ્રસવુડ. આનો અર્થ એ છે કે જાતિ તેમના ધંધા વિશે સજાગ છે. અને તેમની જાતિનું નામ તેમના ધંધાની સાથે જોડે છે. વારલી પોતે એવું માને છે કે ઈશ્વરે તેમને સૌથી છેલ્લા પેદા કર્યા છે અને આ પછી ઈશ્વરની મુશ્કેલી દૂર થઈ ગઈ છે. મરાઠીમાં VANI નો અર્થ OVER થાય છે. વારલીઓ આખા શરીર પર વાળ વધારે છે. ખાસ છાતી પર વાળ વધારે હોય છે. આજ રીતે તેમને સતત કામને લીધે પગ પર વાળ રહેતા નથી. વારલીઓ માથુ મુંડાવતા નથી કારણ કે તેઓ એવું માને છે કે વાળના ગુચ્છા વગર શરીર સુંદર લાગતું નથી.

<u>ઘરો</u> :-

સાગ અથવા સાદડાનાં લાકડા ગોઠવી ગોળાકારમાં ઘર બાંધે છે. વાંસની દિવાલ બનાવે છે. ઉપર સાગના ડાંડા કે વાંસ ગોઠવે છે. આર્થિક સ્થિતિ સારી હોય તે ઘરો ઉપર મેંગ્લોરી નળિયાં નાખે છે. મોટાભાગના ઘરો ઉપર મેંગ્લોરી નળિયા જોવા મળ્યા હતા. જેમની આર્થિક સ્થિતિ નબળી હતી તેવા જ કુટુંબોના છાપરા ઘાસ કે પાત્રાથી છાયેલા હતા. ભીલોની સરખામણીમાં કુનબી અને વારલીઓના ઘરો મોટાં હતાં. કેટલાકના ઘરો તો બે ત્રણ ફૂટ પથ્થરની દિવાલ બનાવી પછી માટીની કે વાંસની દિવાલ બાંધી બનાવ્યા હતા. ઘરનું તળીયું પણ જમીનથી બે ફૂટ ઉંચું રાખે છે. ભોંયતળિયે અને દિવાલો છાણ, માટીથી લીંપી રાખે છે. ગામમાં એક કુનબીએ તો ભોંયતળિયું પણ પાકુ બનાવવાની શરૂઆત કરી છે. આથી પાકા ઘરો બાંધવાની શરૂઆત પણ ગામમાં જોવા મળી હતી.

ડાંગીના મકાનો આકારમાં ગોળાકાર હોય છે. વચમાં એક ૧૦ થી ૧૨ ફૂટ ઉંચો વાંસ નાખવામાં આવે છે. અને એ વાંસ પર આખું ઝૂંપડું ઉભું કરવામાં આવે છે. સામાન્ય રીતે ઘરની વચ્ચે ચૂલો રાખવામાં આવે છે. જ્યાં રસોઈ કરવામાં આવે છે. ઘરમાં એક ખૂણે પીવાના પાણીના માટલા કે તાંબાના દેગડા જેને ડાંગીમાં ગુંમ્બીયા કહેવામાં આવે છે, તે રાખવામાં આવે છે. ઘરો એકી સાથે જોવા મળતા નથી. ૫ થી ૧૦ ઘરો સાથે હોય છે. ઘણીવાર એક ઘરથી બીજા ઘરનું અંતર એક ફર્લાંગ જેટલું હોય છે. ઘરની આગળ ખુલ્લી જગ્યામાં ચોમાસામાં શાકભાજીનું વાવેતર કરે છે. ઢોર માટે અલગ છાપરી બાંધવામાં આવતી નથી. ઘરના આગળના ભાગમાં ઘાસના છાજની નીચે ઢોરોને બાંધી રાખવામાં આવે છે. કેટલાક અલગ છાપરી પણ બનાવે છે. બકરા જેવા નાના પશુઓને તો ઘરમાંજ એક બાજુ પર રાખે છે.

દેખાવ-પહેરવેશ :-

કુનબી, ભીલ અને વારલી આદિવાસી શરીરે નીચા, કાળી ચામડીના, મોટી આંખોવાળા અને ચપટા નાકવાળા હોય છે. તેમનો બાંધો મજબૂત અને કદાવર છે. સ્ત્રીઓ પુરુષોની જેટલી મજબૂત નથી પરંતુ સ્ત્રીઓ પુરુષોની સરખામણીમાં વધારે મહેનતું છે. કુનબીની સ્ત્રીઓ દેખાવે ગોરી અને આકર્ષક છે.

બધી આદિવાસી જાતિઓ કુનબી, વારલી અને ભીલોનો પહેરવેશ એક સરખો છે પણ યુવાન પુરુષો, સ્ત્રીઓમાં હવે તફાવત જોવા મળે છે. પુરુષો મોટેભાગે લંગોટી પહેરે છે. જ્યારે કેટલાક પુરુષો ધોતી પહેરે છે અને ધોતી ઘુંટણની નીચે રાખે છે. યુવાન છોકરાઓ પેન્ટ, બુશર્ટ અને ગંજીફરાક પહેરે છે. કેટલાક પુરુષો કાળી બંડી પહેરે છે. અને માથા પર ફેંટો બાંધે છે. જ્યારે કેટલાક પુરુષો સફેદ ટોપી પહેરે છે. સ્ત્રીઓ મોટેભાગે ૫- ૬ વારની સરખી સાડી પહેરે છે. સામાન્ય રીતે સ્ત્રીઓ ઘેરા રંગની અને આકાશી, વાદળી રંગની સાડીઓ પહેરે છે. સ્ત્રીઓ સાડીનો પાછળ કછોટો મારે છે. અને પાલવ ખભા ઉપર નાખતી નથી તેને બદલે પાલવનો ભાગ કમર ઉપર બાંધે છે. તેમની ચોળીને બટન હોતા નથી. ચોળીના નીચા ભાગ પર ગાંઠ બાંધે છે. આ ઉપરાંત બે-ત્રણ વારની ઓઢણી માથા પર નાખે છે. યુવાન

સ્ત્રીઓ ચોળીના બટન આગળ રાખે છે. જ્યારે નાના ભુલકા-ભુલકીઓ ઉઘાડા ફરે છે. તેઓ ૫-૬ વર્ષની ઉંમરે લંગોટ પહેરે છે.

મોજશોખની ચિજોમાં એકાદ ઘરમાં ટી.વી., રેડીયો, ટેપ, ઘડિયાળ, સારાં કપડાં, બુટ ચંપલ વગેરેનું પ્રમાણ વધેલું જોવા મળે છે.

<u>ખોરાક</u> :-

ડાંગી લોકો સખત પરિશ્રમ કરતા હોવાથી જ્યારે મળે ત્યારે દિવસમાં ત્રણવાર ખાય છે. સવારે, બપોરે અને રાત્રે તેમના ખોરાકમાં મુખ્યત્વે નાગલીના રોટલા છે. નાગલીના રોટલા સાથે મરચાની ચટણી લે છે. ઘણી-વાર ચોખા અને નાગલીને સાથે ઉકાળીને 'ભાખર' બનાવે છે. તેઓ હલકી જાતના ચોખા પકવે છે અને ખાસ પ્રસંગે તેમજ ઉત્સવોમાં ચોખા, દાળ અને શાકભાજી ખાય છે. આ ઉપરાંત માંસ તેમજ મરઘાં પણ ખાય છે. ખોરાકમાં દૂધ- ઘીનો ઉપયોગ ખાસ કરતા નથી. જોકે હમણાં હમણાં દૂધવાળી ચા પીતા થયા છે. જુવાર અને ઘઉંનો વપરાશ જે પહેલાં નહોતા કરતા તે કરતા થયા છે. કારણ કે સસ્તા અનાજની દુકાનેથી જે મળે તે લાવી ખાય છે. વળી મજૂરી માટે બહારના પ્રદેશમાં ગયા હોય તેઓ ત્યાંથી બાજરી, ઘઉં, જુવાર વગેરે લાવી પણ ખાય છે. શિકાર કરીને તેતરા, સસલા, મોર, વગેરેનું માંસ ખાય છે. ચોમાસાની શરૂઆતમાં જ્યારે અનાજ ખલાસ થઈ જાય છે ત્યારે જંગલી કંદમૂળો, પાંદડાંઓથી પણ ચલાવે છે. ગણા બધા ઝાડનાં પાંદડાંઓનો તેઓ ભાજી બનાવી ખાય છે. ચોમાસામાં વાંસ ફૂટી નિકળે ત્યારે તો તેઓ કુણા વાંસનું શાક બનાવીને ખાય છે. કેટલાક તો તેનો સંગ્રહ પણ કરી રાખે છે. આ ઉપરાંત જંગલમાં ઉગતી ગણી બધી જંગલી ભાજીઓનો ઉપયોગ ચોમાસામાં કરતા હોય છે. દારૂનો ઉપયોગ કુનબી કરતાં ભીલો વધારે કરે છે. ઉપરાંત બીડી-તમાકુ પણ પુષ્કળ પ્રમાણમાં પીવે છે. સ્ત્રીઓ પણ પુષ્કળ પ્રમાણમાં દારૂ પીવે છે.

<u>આર્થિક પ્રવૃત્તિ</u> :-

ગાઢવી ગામના લોકોનો મુખ્ય ધંધો ખેતી છે. ઉપરાંત પશુપાલન, ખેતમજૂરી, જંગલમજૂરી, જંગલની પેદાશ એ તેમનો પૂરક ધંધો છે. ગામમાં કામ ન મળે ત્યારે શેરડી કાપવા, બાંધકામ વગેરે કામો માટે બહારના વિસ્તારો-માં પણ જાય છે. તેમના ખેતરો જંગલમાં ટેકરીના ઢોળાવ પર હોય છે. જમીન

પથરાળ અને અસમતળ અને પાણીની અછતને કારણે ખેતીમાંથી યોગ્ય ઉપજ મેળવી શકતા નથી. ગામના ભીલ કુટુંબો શેરડી કાપવા માટે બારડોલી, નવસારી વગેરે સ્થળે જાય છે. કુનબી અને વારલીઓ ખેતી ઉપરાંત પશુપાલનમાં વધુ ધ્યાન આપે છે. ખેતીની પધ્ધતિમાં કોઈ નોંધપાત્ર સુધારો થયો હોય તેવું જોવા મળતું નથી. કારણ કે આજે પણ પરંપરાગત પધ્ધતિથી જ ખેતી કરવામાં આવે છે. લાકડાના હળ, પાડા, કે બળદથી ખેડી અનાજ ઓરવામાં આવે છે. જેની પાસે હળ કે બળદની સગવડ નથી તેવા ખેડૂતો હાથના હળથી ખેતી કરે છે. નાગલી અને ડાંગરનું ધરુ કરવામાં આવે છે. જ્યારે બીજા ધા-યો-ને યાસમાં ઓળવામાં આવે છે..બીયારણ પોતાના ઘરનું જ વાપરે છે. ઘરનું બીયારણ ન હોય તો કુનબી કે જેની પાસે હોય તેની પાસેથી લાવે છે. પાકે ત્યારે બમણું આપવું પડે છે. ખાતર કે કીટસનો ઉપયોગ સારા ખેડૂતો જ કરે છે. હમણાં હમણાં શાકભાજીના કીટસનો ઉપયોગ કરતા થયા છે. નોકરી કરતા વર્ગમાં પ્રાથમિક શાળાના શિક્ષકો મંડળીમાં મંત્રી, પટાવાળા વગેરે જોવા મળ્યા હતા. ખેતીમાં એક બે માસ મજૂરી મળે છે. માસિક બંધાયેલ રહે તેને ૧૦૦ થી ૧૫૦ રૂા. ઉપરાંત ખાવાનું મળે છે. છૂટક ખેતી મજૂરીના અઢી કિલો અનાજ તથા એક ટંક ખાવાનું આપવામાં આવે છે. ૧૯૮૧ની વસ્તી ગણતરી પ્રમાણે ૯૪૦ની વસ્તીમાંથી ૩૪૧ વ્યકિતઓ કામ કરતી હતી જે કુલ વસતિના ૩૬.૨૭ ટકા જેટલી ગણાય. કુલ વસતિમાં કામ કરનાર પુરુષો અને કામ નહિ કરનાર સ્ત્રી-પુરુષોની સંખ્યા તથા ટકાવારી નીચે પ્રમાણે હતી.

<u>કોઠા નં. ૧</u>

| વસતિ | કુલ માણસો | પુરુષો | સ્ત્રીઓ |
|---|---|---|---|
| | ૯૪૦ | ૪૭૩ | ૪૬૭ |
| | | (૫૦.૩૧) | (૪૯.૬૯) |
| કામ કરનાર | ૩૪૧ | ૨૩૨ | ૧૦૯ |
| | (૩૬.૨૭) | (૬૮.૦૩) | (૩૧.૯૭) |
| કામ નહીં કરનાર | ૪૪૯ | ૨૦૦ | ૨૪૯ |
| | (૪૭.૭૭) | (૪૪.૫૫) | (૫૫.૪૫) |

(કૌંસમાં આંકડાઓ ટકાવારી દર્શાવે છે.)

ઉપરના આંકડા પરથી જોઈ શકાય છે કે કુલ કામ કરતી ૩૪૧ વ્યકિતઓ હતી. જેમાંથી ૬૮.૦૩ ટકા પુરુષો અને ૩૧.૯૭ ટકા સ્ત્રીઓ કામ કરતી હતી. આમ કુલ કામ કરનાર વ્યકિતઓમાં સ્ત્રીઓનું પ્રમાણ ઘટેલું માલુમ પડે છે.

ગાઢવી ગામમાં કામ કરનાર વસતિ ૩૬.૨૭ ટકા હતી જ્યારે કામ નહીં કરનાર ૪૭.૭૭ ટકા વસતિ હતી. આમ કામ કરનાર વ્યકિતઓ ઉપર કામ નહીં કરનાર વ્યકિતઓનો બોજ વધુ જોવા મળે છે.

ગાઢવી ગામની કામ કરનાર વસતિ નીચે મુજબના જુદા જુદા ધંધાઓમાં રોકાયેલી હતી.

કોઠા નં.- ૨

| વ્યવસાય | પુરુષો | સ્ત્રીઓ | કુલ |
|---|---|---|---|
| ૧. ખેતી | ૧૪૯ | ૫૫ | ૨૦૪ |
| | (૬૪.૨૨) | (૫૦.૪૬) | (૫૯.૮૩) |
| ૨. ખેતમજૂરી | ૩૩ | ૨૦ | ૫૩ |
| | (૧૪.૨૨) | (૧૮.૩૪) | (૧૫.૫૫) |
| ૩. ગૃહઉદ્યોગ | ૧૪ | ૨૫ | ૩૯ |
| | (૬.૦૩) | (૨૨.૯૪) | (૧૧.૪૩) |
| ૪. અન્ય કામધંધા | ૩૬ | ૯ | ૪૫ |
| ઓમાં | (૧૫.૫૩) | (૮.૨૬) | (૧૩.૧૯) |
| | ૨૩૨ | ૧૦૯ | ૩૪૧ |

કુલ કામદારોમાં ૫૯.૮૩ ટકા ખેતીમાં, ખેતમજૂરો ૧૫.૫૫ ટકા, ગૃહઉદ્યોગ ૧૧.૪૩ ટકા અને અન્ય સેવાઓ ધંધાઓમાં ૧૩.૧૯ ટકા વ્યકિતઓ રોકાયેલ હતી. ઉપરના આંકડાઓ પરથી જોઈ શકાય છે કે ગામમાં ગૃહઉદ્યોગ વેપાર ધંધામાં કુલ વસતિમાં ઓછી વસતિ રોકાયેલ છે. ખેતમજૂરી પણ બારેમાસ નહીં મળતી હોવાથી તેમાં પણ સંખ્યા ઘટેલી જોવા મળી હતી. આમ તેમને બહારના કામ ધંધાઓ ઉપર આધાર વધી રહેલો જોવા મળે છે.

ગામના મોટાભાગના કુટુંબો ખેતીના ધંધામાં રોકાયેલા હતા. આ ઉપરાંત ખેતમજૂરી, નોકરી સિવાય બીજો કોઈ મદદગાર ધંધો નહોતો. ખેતી સિવાય જંગલમજૂરી તેમજ વન્યપેદાશની થોડી આવક હતી.

તપાસ સમયે ગામનો કુલ રકબો ૧૦૪૯.૬૫ હેકટર આર.એ હતો. ગામના નમુના ૫ પ્રમાણે ૧૯૮૯માં ગામની તારીજ નીચે મુજબ હતી.

કોઠા નં.- ૩

| વિગત | હેકટર આર.એ. |
|---|---|
| કુલ રકબો | ૧૦૪૯- ૬૫ |
| પ્રોટેકટે ફોરેસ્ટ | ૨૪૪- ૧૩ |
| નવી સરત ખેતી માટે | ૭૬૨- ૭૭ |
| ન ખેડાય તેવી | ૧૭- ૨૧ |
| નદીનાળા | ૨- ૪૧ |
| ગામતળ | ૪- ૩૭ |
| રોડ | ૧૦- ૯૫ |
| શાળા | ૦- ૩૬ |
| કૂવો | ૦- ૧૪ |
| સ્મશાન | ૪- ૮૪ |
| દેવસ્થાન | ૦- ૩૯ |
| ગૌચાણ | ૧- ૮૧ |

તપાસ સમયે ગામમાં મુખ્યત્વે ભાત, નાગલી, ~~વરઈ~~ બંટી, કોદરા, તુવેર, મગફળીનું વાવેતર થતું હતું.

તપાસ સમયે ૧૮૩ ખાતેદારો હતા. જેમાં ખેતીની જમીન ધરાવતા ૧૨૭ ખાતેદારો હતા જ્યારે ઘરથાળના પ્લોટ ધરાવતા ૫૬ ખાતેદારો હતા. જ્યારે જાહેર સેવાઓ માટે સરકારી એજન્સીઓના ૪ ખાતા હતા. જ્યારે ૫૨ ખેતમજૂરો કુટુંબો નોંધાયેલા હતા. ગાઢવી ગામના ૧૮૮ કુટુંબોની સામે ફક્ત ૧૨૭ કુટુંબો પાસે ખેતીની જમીન હતી જે કુલ કુટુંબના ૬૭.૫૬ ટકા થાય છે. જ્યારે બાકીના ૬૧ કુટુંબો પાસે ખેતીની જમીન ન હતી જે કુલ કુટુંબોના ૩૨.૪૪ ટકા થાય છે.

**શિક્ષણ :-**

ગામમાં ૧ થી ૭ ધોરણની પ્રાથમિક શાળા છે. પણ ઓરડાઓની સંખ્યા અપૂરતી છે. ફકત બેજ ઓરડા છે. એક શિક્ષક નિવાસ છે. શાળામાં અગિયાર શિક્ષકો છે. જેમાં આઠ શિક્ષકો અને ત્રણ શિક્ષિકાઓ છે. આંગણવાડી પણ શાળાની બાજુના મકાનમાં જ ચાલે છે. આંગણવાડી ગામના જ એક શિક્ષકની પઠનિ[illegible] [illegible]. [illegible] ચલાવે છે. મે ૧૯૮૯ની રજીસ્ટર સંખ્યા પ્રમાણે ૩૦૬ બાળકો ભણતા હતા જેમાં ૧૫૫ કુમાર અને ૧૫૧ કન્યાઓ હતી. ધોરણવાર બાળકોની સંખ્યા નીચેના કોઠા દ્વારા જોઈએ.

કોઠા નં. - ૪

| ધોરણ | કુમાર | કન્યા | કુલ |
|---|---|---|---|
| ૧ | ૩૨ | ૬૩ | ૯૫ |
| ૨ | ૪૦ | ૩૧ | ૭૧ |
| ૩ | ૨૮ | ૨૬ | ૫૪ |
| ૪ | ૧૭ | ૧૧ | ૨૮ |
| ૫ | ૨૧ | ૧૧ | ૩૨ |
| ૬ | ૧૦ | ૨ | ૧૨ |
| ૭ | ૭ | ૭ | ૧૪ |
| કુલ | ૧૫૫ | ૧૫૧ | ૩૦૬ |
| | (૫૦.૬૬) | (૪૯.૩૪) | (૧૦૦.૦૦) |

ઉપરોકત કોઠો જોતાં સ્પષ્ટ ખ્યાલ આવે છે કે ૧ થી ૪ ધોરણ સુધીમાં અભ્યાસ કરનાર બાળકોની સંખ્યા વિશેષ છે. જેમ જેમ આગળના ધોરણમાં જાય છે તેમ તેમ સંખ્યા ઘટતી જોવા મળે છે. આમ સ્થગિતતા અને અપવ્યયનું પ્રમાણ ઘણું મોટું જોઈ શકાય છે. જોકે કુમાર અને કન્યાઓની કુલ સંખ્યામાં મોટો તફાવત દેખાતો નથી. આમ કન્યા કેળવણીની શરૂઆત થઈ રહી છે તેમ કહી શકાય. ગામમાં એસ. એસ. સી. તેમજ ગ્રેજ્યુએટ સુધી ભણેલા બેકારોની સંખ્યા વધતી જાય છે. આ ગામના જાગૃત વાલીઓના બાળકો આશ્રમશાળા તથા છાત્રાલયોમાં રહીને અભ્યાસ કરતા માલુમ પડયા હતા. આ રીતે શિક્ષણનું પ્રમાણ વધ્યું છે તેમ કહી શકાય.

## પ્રકરણ - ૨

## ભૌતિક જીવન

ગુજરાતમાં સૌથી વધુ વનરાજી વિભુષિત ડાંગ જિલ્લો માત્ર એકજ તાલુકાનો નાનો અને આદિવાસી વસતિની વિપુલતાની દૃષ્ટિએ વિશિષ્ટ ઘણી શકાય તેવો જિલ્લો છે. ડાંગની આદિવાસી જાતિઓમાં ભીલ, કુનબી, વારલી, ગામીત, કાથોડી અને કોટવાળિયા જાતિઓનો સમાવેશ થાય છે. જેમાં મુખ્ય વસતિ ભીલ અને કુનબી બેજ જાતિઓની છે.

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર તરફથી વિવિધ આદિવાસી જાતિઓમાં અભ્યાસના એક ભાગરૂપે વિવિધ ભીલ જાતિઓના અભ્યાસના એક ભાગરૂપે, ગાઢવી ગામ પસંદ કરવામાં આવ્યું હતું. ગાઢવી, ડાંગમાં વિશિષ્ટ રીતે જોવા મળતાં પાંચ ડાંગી રાજાઓ અને નવ નાયકોના સામંતશાહી પધ્ધતિ પર આધારિત રાજકીય વ્યવસ્થાના અગ્રણી માજી રાજાનું મૂળ વતન અને રાજગાદીનું ગામ છે. અત્યારે માજી રાણા ઉમરશિંગનું મૃત્યું થયું છે અને તેમના દિકરા યશવંત ઉમરશિંગ રાજાનું પદ ભોગવે છે. ૧૯૬૧ની વસતિ ગણતરીની મોજણી ટાણે આ રાજાનું પોતાનું પાકું મકાન હતું પણ પુન:મોજણી ટાણે એ પણ મૂળ મકાનથી દૂર સીમના ખેતરોમાં બાંધેલી કાચી ઝૂંપડીમાં રહેતા હતા. આજે પણ તેમના દિકરા કાચી ઝૂંપડીમાં રહે છે અને પોતાની ખેતી વગેરે સંભાળે છે. ગામ લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી છે. તે ઉપરાંત પશુપાલન તથા જંગલમજૂરી કે અન્ય મજૂરી પર આધાર રાખવો પડે છે. બહારથી સમૃધ્ધ દેખાતા આ ગામના કુટુંબોની ભૌતિક જીવનના પાસા તપાસીએ તો તેમના જીવન ધોરણમાં પરિવર્તન આવ્યું છે તે જાણી શકાય.

### ઘર :-

ડાંગમાં વસતા આદિવાસીઓના ઘરો નાનાં હોય છે. અને તેઓ ગોળાકારમાં ઘર બાંધે છે. મકાનનો આગળનો ભાગ ખુલ્લો રાખે છે. અને તેની પર ઘાસનું છાપરું બાંધે છે. સામાન્ય રીતે તેઓ લાકડાનો ઉપયોગ કરી ઘરો બાંધે છે. ઘરની દિવાલો વાંસમાંથી બનાવે છે જેને તેઓ ખપાડા કહે છે. ઘરના ભોંયતળિયે માટી અને છાણનું લીંપણ કરે છે. આ લીંપણ બેથી ત્રણ મહિના સુધી ચાલે છે. છાપરું ઘાસનું હોય છે. આર્થિક રીતે સુખી લોકો છાપરા પર દેશી કે મેંગ્લોરી નળિયા નાખે છે. ભીલો કરતા વારલી તથા કુનબીના ઘરોની

સ્થિતિ સારી હતી. તેમના ઘરો પણ મોટા હતા. સામાન્ય રીતે ઘરની વચ્ચે ચૂલો રાખવામાં આવે છે. જ્યાં રસોઈ કરવામાં આવે છે. ઘરમાં એક ખૂણે પીવાના પાણીનાં વાસણ રાખવામાં આવે છે. ઢોરોને માટે જુદી છાપરી બાંધવામાં આવતી નથી. ઘરના આગળના ભાગમાં ઘાસના છાજની નીચે ઢોરોને બાંધી રાખવામાં આવે છે. તપાસેલ કુટુંબોના ઘરોની વિગતે માહિતી કોઠા દ્વારા જોઈએ.

કોઠા નં. – ૫

ઘરનો પ્રકાર તથા ઓરડાની સંખ્યા

| વર્ષ | કુલ કુટુંબો | કાચુ | ઓરડાની સંખ્યા ૧ | ૨ | ૩ |
|---|---|---|---|---|---|
| ૧૯૮૯ | ૪૨ | ૪૨ | ૪ | ૩૧ | ૭ |
| | | | (૯.૫૩) | (૭૩.૮૧) | (૧૬.૬૬) |

ઉપરોકત કોઠા ઉપરથી જોઈ શકાય છે કે તપાસેલ બધા જ કુટુંબોનાં ઘરો કાચાં હતા. ઓરડાની સંખ્યા જોઈએ તો ૧ ઓરડાવાળા ૪ ઘરો હતા. જે કુલ કુટુંબના ૯.૫૩ ટકા હતા. બે ઓરડાવાળા ૩૧ ઘરો હતા જે કુલ કુટુંબના ૭૩.૮૧ ટકા હતા. જે આમ આદિવાસીઓના ઘરો એક ઓરડા અને આંસળીવાળા ઘરોમાં રહે છે. જ્યારે ૩ ઓરડાવાળા ૭ કુટુંબો હતા જે કુલ કુટુંબના ૧૬.૬૬ ટકા હતા જેમની આર્થિક સ્થિતિ સારી હતી તેવા કુટુંબોના ઘરો મોટા હતા. કેન્દ્ર દ્વારા ૧૯૭૯ના સર્વે સમયે ૪૧ કુટુંબોના ઘરો કાચાં હતા અને એક કુટુંબ પાસે તો પોતાનું ઘર પણ નહોતું.

કોઠા નં.– ૬

છાપરાનો પ્રકાર દર્શાવતો કોઠો. (૧૯૮૯)

| કુલ કુટુંબો | ઘાસ–પતરા | દેશી નળિયા | વિલાયતી નળિયા |
|---|---|---|---|
| ૪૨ | ૨૩ | ૧ | ૧૮ |
| ટકા | ૫૪.૭૬ | ૨.૩૮ | ૪૨.૮૬ |

ઉપરોકત કોઠામાં સ્પષ્ટ જોઈ શકાય છે કે ઘાસ-પાત્રા છાયેલ છાપરાની સંખ્યા ૨૩ હતી જે કુલ કુટુંબના ૫૪.૭૬ ટકા થાય છે તે સૌથી વધુ હતી. જ્યારે વિલાયતી નળિયાવાળા ૧૯ ઘરો હતા જે ૪૨.૮૬ ટકા થાય છે. જ્યારે દેશી નળિયાવાળું એકજ ઘર હતું. જેમ જેમ આર્થિક સ્થિતિ સુધરતી ગઈ તેમ તેમ વિલાયતી નળિયાના છાપરા બનાવતા ગયા છે.

કોઠા નં.- ૭

ઘરની જમીન માલિકી બતાવતો કોઠો : (૧૯૮૯)

| કુલ કુટુંબો | પોતાની | સરકારી | સસરાની | સરકારી પ્લોટ |
|---|---|---|---|---|
| ૪૨ | ૩૩ | ૩ | ૨ | ૪ |
| ટકા | ૭૮.૫૮ | ૭.૧૪ | ૪.૭૬ | ૯.૫૨ |

તપાસેલ ૪૨ કુટુંબોના ઘરની માલિકીની જમીનમાં ઘર હતા કે અન્યની માલિકીમાં હતા તે જોતાં સ્પષ્ટ ખ્યાલ આવે છે કે ૩૩ કુટુંબો એવા હતા કે જેમના ઘરો પોતાની માલિકીની જમીનમાં હતા જે સૌથી વધુ સંખ્યા હતી. ૩ કુટુંબો સરકારી જમીનમાં ઘર બાંધી રહેતા હતા. તેમની પાસે ઘર બાંધવા માટે પણ જમીન નહતી જ્યારે બે કુટુંબો એવા હતા કે તેમના ઘરો સસરાની જમીનમાં હતા જ્યારે ચાર કુટુંબોને ઘર બાંધવા માટે સરકારી પ્લોટ મળેલા હતા. પશુઓ માટેની છાપરી ફકત ૧૨ કુટુંબો પાસે જ હતી જે કુલ કુટુંબોના ૨૮.૫૮ ટકા થાય છે. જ્યારે ૭૧.૪૨ ટકા કુટુંબો એવા હતા જેમની પાસે પશુ બાંધવાની છાપરી ન હતી તેઓ પોતાની ઘરની આગળ પોતાના પશુઓ રાખતા હતા.

ઘરવખરીના સાધનો :-

તપાસેલ દરેક કુટુંબ પાસે રાંધવા માટે માટીનાં તેમજ એલ્યુમિનિયમના વાસણો હતા. કેટલાંક કુટુંબો પાસે તાંબાનો ઘડો, પિત્તળના વાસણો તથા સ્ટીલના વાસણો પણ હતા. મોટાભાગના કુટુંબો પાસે સૂવા માટે ખાટલા ન હતા. સામાન્ય રીતે તેઓ ખજૂરીના પાનમાંથી બનાવેલ સાદડી વાપરે છે. અથવા જમીન પર કશુ પાથર્યા વગર સૂઈ જાય છે. તેમની પાસે ગાદલા રજાઈ કે ઓશીકા જેવું તો કોઈ કનબી કુટુંબના ઘરમાં જ જોવા મળે છે. તપાસ હેઠળના કુલ કુટુંબો પાસે ઘરવખરીના સાધનો કોઠા દ્વારા જોઈએ.

## કોઠા નં.- ૮

**ઘરવખરીના સાધનો દર્શાવતો કોઠો :**

**વાસણો**

| વર્ષ | કુલ કુટુંબો | તાંબાના | એલ્યુમિનિયમ | પિત્તળ | સ્ટીલ | માટીનાં | કાચનાં | કાંસાનાં | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૯૭૯ | ૪૫ | ૨૬ | ૬૮ | ૨૮ | – | ૬૪ | – | ૪૪ | ૨૩૦ |
| | | (૧૧.૩૦) | (૨૯.૫૭) | (૧૨.૧૭) | | (૨૭.૮૩) | | (૧૯.૧૩) | (૧૦૦) |
| ૧૯૮૯ | ૪૨ | ૩૪ | ૧૯૬ | ૫૦ | ૩૨૭ | ૨૧૪ | ૫ | ૪ | ૮૩૦ |
| | | (૪.૦૯) | (૨૩.૬૨) | (૬.૦૨) | (૩૯.૩૯) | (૨૫.૭૯) | (૦.૬૧) | (૦.૪૮) | (૧૦૦) |

ઉપરોક્ત કોઠો જોતાં સ્પષ્ટ ખ્યાલ આવે છે કે ૧૯૭૯માં તપાસેલ કુટુંબો પાસે ૨૩૦ વાસણો હતા જે કુટુંબદીઠ સરેરાશ પાંચની સંખ્યામાં હતા જ્યારે તેજ કુટુંબોની ૧૯૮૯માં પુનઃમોજણી કરવામાં આવી ત્યારે તેમની પાસે વાસણોની સંખ્યામાં વધારો થયેલો જોઈ શકાય છે. ખાસ ધ્યાન ખેંચે એવી વાત એ છે કે તાંબા અને કાંસાના વાસણોનો ઘટાડો થયો છે જ્યારે સ્ટીલ, એલ્યુમિનિયમ તથા પિત્તળના વાસણોનો વપરાશ વધેલો જોવા મળે છે. જોકે જરૂરિયાત પ્રમાણે વાસણો વસાવી શકયા છે તે આનંદની વાત છે. તેમની ખરીદશક્તિ વધી છે સાથેસાથે એ પણ કારણ છે કે જંગલ મંડળી તરફથી દરેક સભાસદને વર્ષમાં એકવાર ભેટમાં સ્ટીલના વાસણો આપવામાં આવે છે. આના કારણે પણ સ્ટીલના વાસણોમાં વધારો થઈ રહેલો જોઈ શકાય છે.

## કોઠા નં.– ૯

### ફર્નિચર દર્શાવતો કોઠો :

| વર્ષ | કુલ કુટુંબો | ખાટલા | સાયકલ | ઘડિયાળ | રેડિયો | સીવવાનો સંચો | શિકારના સાધનો | ચીમની ફાનસ | ટોપલા ટોપલી | દળવાની ઘંટી | પેટી | બેટરી | અન્ય | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૯૭૯ | ૪૫ | ૮ | – | – | – | – | ૪૦ | ૧૮ | ૫૮ | ૫૮ | ૧૮ | ૫ | – | ૨૦૫ |
| | | ૩.૯૧ | | | | | ૧૯.૫૨ | ૮.૭૮ | ૨૮.૨૯ | ૨૮.૨૯ | ૮.૭૮ | ૨.૪૩ | | ૧૦૦ |
| ૧૯૮૯ | ૪૨ | ૭ | ૧ | ૬ | ૩ | ૧ | ૩ | ૨૬ | ૧૨૨ | ૩૬ | ૮ | ૧૦ | ૮ | ૨૩૧ |
| | | ૩.૦૩ | ૦.૪૪ | ૨.૬૦ | ૧.૨૯ | ૦.૪૪ | ૧.૨૯ | ૧૧.૨૫ | ૫૨.૮૨ | ૧૫.૫૯ | ૩.૪૬ | ૪.૩૨ | ૩.૪૭ | ૧૦૦ |

ઉપરોકત ફર્નિચર દર્શાવતો કોઠો જોતાં સ્પષ્ટ ખ્યાલ આવે છે કે ૧૯૭૯ના વર્ષ કરતાં ૧૯૮૯ના દસકાના ગાળામાં ઘણું બધું પરિવર્તન જોઈ શકાય છે. શિકારના સાધનોમાં ખુબ ઘટાડો થયેલો જોઈ શકાય છે. તેની સામે સાયકલ, ઘડિયાળ, રેડિયો, જેવાં સાધનો કેટલાંક અપવાદરૂપ કુટુંબો વસાવતા થયા છે. ગૃહઉદ્યોગ તરીકે સીવવાનો સંચો પણ એક કુટુંબ પાસે છે. ગામમાં દળવાની ઘંટી આવવાથી હાથે દળવાની ઘંટીની સંખ્યા પણ નોંધપાત્ર ઘટાડો જોઈ શકાય છે જ્યારે જીવન જરૂરી ચિજોમાં વધારો સ્પષ્ટ જોઈ શકાય છે.

ખેતીનાં સાધનો :-

અગાઉ જોયું તેમ મુખ્ય વ્યવસાય ખેતી છે. તપાસેલ ૪૨ કુટુંબો ખેતી કરતા હતા જ્યારે એક કુટુંબ ખેતી નોકરીના વ્યવસાયમાં રોકાયેલ હતું અને સાત કુટુંબો એવા હતા જેઓ ખેતમજૂરી ઉપરાંત અન્ય મજૂરી પર આધારિત હતું. તપાસેલ કુટુંબોના ૮૦.૯૬ ટકા ખેતી કરતા કુટુંબો હતા તેમની પાસે ખેતીના સાધનો જોઈએ તો ખેતીના ધંધા અંગે સ્પષ્ટ ખ્યાલ આવશે.

કોઠા નં.- ૧૦

ખેતીના સાધનો દર્શાવતો કોઠો

| વર્ષ | કુલકુટુંબો | હળ | કરબ | સમાર | વાવણિયો | ગાડા | નાના ઓજારો | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧૯૮૯ | ૪૨ | ૨૯ | ૧ | ૨૪ | ૧ | ૬ | ૧૨૩ | ૧૮૪ |
| | | ૧૫.૭૭ | ૦.૫૪ | ૧૩.૦૪ | ૦.૫૪ | ૩.૨૬ | ૬૬.૮૫ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠા દ્વારા જોઈ શકાય છે કે ખેતી કરતા કુટુંબો પાસે ખેતીનાં પૂરતાં સાધનો નથી. કુટુંબદીઠ ખેતીનું એક એક સાધન પણ નથી. નાના ઓજારોને બાદ કરવામાં આવે તો એમની પાસે ખેતીનાં સાધનો નહીંવત રહી જાય છે. આમ તેમની ખેતી જૂની પધ્ધતિ અને અપૂરતા સાધનોવાળી છે. તેનો સ્પષ્ટ ખ્યાલ આવે છે. ખેતીના અપૂરતા સાધનોને કારણે તેમને જમીન હાથથી ખેડવી પડે છે. અથવા તો જમીન ભાડે ખેડવા આપી દેતા હોય છે. ક્યારેક તો પોતાની જમીન પડતર પણ પડી રહે છે તેવું જાણવા મળે છે.

પશુઓ :-

ગામમાં લગભગ દરેક કુટુંબ સારી એવી સંખ્યામાં પશુઓ રાખે છે. પશુઓમાં મુખ્યત્વે ગાય, બળદ, બકરા, ભેંસ, પાડા અને મરઘાંનો સમાવેશ થાય છે. ગાય, ભેંસમાંથી દૂધની આવક ઠીક પ્રમાણમાં થાય છે. ખાસ કરીને દૂધનો વપરાશ ખોરાકમાં કરતા નથી. દૂધ આહવા જઈ વેચી આવે છે. ઉપરાંત આર્થિક મુશ્કેલીના સમયે ઢોર વેચી આવક મેળવે છે. ઈંડા પણ દુકાને વેચી આવે છે.

તપાસેલ કુટુંબોમાં પશુઓની સંખ્યા કોઠા-૧૧ દ્વારા જોઈએ.

કોઠા નં.- ૧૧

પશુઓની સંખ્યા દર્શાવતો કોઠો

| વર્ષ | કુલકુટુંબો | ગાય | ભેંસ | બકરાં-ઘેટાં | બળદ | વાછરડા | વાછરડી | મરઘાં | પાડા | અન્ય | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૯૬૯ | ૬૮ | ૧૦૦ | ૧૦ | ૬૫ | ૧૦૦ | ૧૨ | ૧૩ | ૮૯ | - | - | ૩૮૯ |
| | | ૨૫.૭૧ | ૨.૫૮ | ૧૬.૭૧ | ૨૫.૭૧ | ૩.૦૮ | ૩.૩૪ | ૨૨.૮૭ | | | ૧૦૦.૦ |
| ૧૯૮૯ | ૪૨ | ૧૬ | ૩ | ૨૪ | ૪૪ | ૭ | ૮ | ૧૧ | ૮ | ૧ | ૧૨૨ |
| | | ૧૩.૧૧ | ૨.૪૫ | ૧૯.૪૮ | ૩૬.૦૬ | ૫.૭૪ | ૬.૫૬ | ૯.૫૬ | ૬.૫૬ | ૦.૮૨ | ૧૦૦.૦ |

ઉપરોક્ત પશુધન દર્શાવતો કોઠો જોતાં જણાય છે કે ૨૦ વર્ષ પહેલાં જે પશુઓની સંખ્યા હતી તેની સરખામણીમાં આજે ઘટેલી જોવા મળે છે. ખેતીના મૂખ્ય આધાર સમા બળદની સંખ્યામાં પણ ઘટાડો જોઈ શકાય છે. જોકે પશુઓમાં રોગચાળો, પાણીનો અભાવ વગેરેને કારણે પશુઓમાં મૃત્યુંનું પ્રમાણ પણ ઠીક ઠીક રહયા કરતું હોવા છતાં પશુપાલનમાં ઘટાડો થઈ રહયો છે તે સ્પષ્ટ વાત છે. ૧૯૬૯માં કુટુંબદીઠ પશુઓનું પ્રમાણ હતું તે ૧૯૮૯માં ૨.૯૦ રહેવા પામ્યું છે. મંડળી દ્વારા ભેંસ આપવામાં આવે અને ભેંસ મૃત્યુ પામે તો ખેડૂત દેવાદાર બને છે. અને ફરીથી પશુ પાળવાની હિંમત કરતો નથી. સરકારી એજન્સીઓ દ્વારા મળતા લાભોમાં પણ આવું જ બનતું હોય છે. જેના નામ પર કઈ પણ સરકારી લેણું બાકી હોય તેને મદદ કરવામાં આવતી નથી.

પહેરવેશ :-

પ્રકરણ એકના ગામ પશ્ચિમમાં પહેરવેશનો ઉલ્લેખ કરવામાં આવેલો છે. તેમ ડાંગની બધી આદિવાસી જાતિઓનો પહેરવેશ એક સરખો છે. તેમાં કોઈ તફાવત જોવા મળતો નથી તેમ છતાં યુવાનોમાં પહેરવેશમાં ગણો બધો તફાવત જોવા મળે છે. નિશાળે જતાં બાળકોમાં છોકરાઓ ચડ્ડી, બુશર્ટ પહેરે છે જ્યારે છોકરીઓ કટ, બ્લાઉઝ અથવા ફ્રૉક પહેરે છે. જ્યારે યુવાન છોકરાઓ પેન્ટ, બુશર્ટ તથા બુટ-ચંપલ પહેરે છે. યુવાન છોકરીઓ ચણીયો, બ્લાઉઝ અને સાડી પહેરે છે. ભણેલા છોકરા, છોકરીઓનો તો આ ખાસ પહેરવેશ છે..પુરુષો મોટેભાગે લંગોટી પહેરે છે જ્યારે કેટલાક પુરુષો ધોતી પહેરે છે. બદન ઉપર બંડી અથવા ખમીશ પહેરે છે. માથે ટોપી અથવા ફેંટો બાંધે છે. સામાન્ય રીતે સ્ત્રીઓ ઘેરા રંગની અને આકાશી, વાદળી રંગની સાડીઓ પહેરે છે. સ્ત્રીઓ સાડીને પાછળ કછોટો મારે છે. તેમની ચોળીને બટન હોતા નથી. ચોળીના નીચા ભાગ પર ગાંઠ બાંધે છે. બે-ત્રણ વારની ઓઢણી માથા પર નાંખે છે.

ડાંગી લોકો ઘરેણાંના શોખીન છે પણ આર્થિક રીતે ન પોષાય તેવા ઘરેણાંને બદલે હલકી ધાતુના કે નકલી દાગીના પહેરે છે. છુંદણા તેમનો મુખ્ય શોખ છે. કપાળ ઉપરના છુંદણાથી તે ડાંગી છે કે નહીં તેની ઓળખ થતી હવે આ ઓળખ તેમને શરમજનક લાગવા માંડી છે. હવે કપાળ ઉપર તે પાંદડાનું ચિન્હ નથી કરાવતા. સ્ત્રીઓ બંગડીઓ નિકલની અથવા પ્લાસ્ટીક કે કાચની પહેરે છે. નાકમાં વાળી (નથ) પહેરે છે. કાનમાં એરીંગ પહેરે છે. ગળામાં સિક્કાનો બનાવેલ હાર પણ પહેરે છે. પરણિત સ્ત્રીઓ હાંસડી પહેરે છે. ઉત્સવ કે સારા પ્રસંગે પગમાં ઝાંઝર પહેરે છે. પુરુષો સ્ત્રીઓ કરતાં ઓછા ઘરેણાં પહેરે છે. પુરુષો હાથમાં ચાંદીનું કડું અને ખમીસ અથવા બંડીમાં ચાંદીની સાંકળ બટન સાથે પહેરે છે. નાની છોકરીઓના કાન નાની ઉંમરે વીંધવામાં આવે છે. અને કાનમાં ઘાસની સળી નાખવામાં આવે છે. યુવાન છોકરાઓ ટેપ તથા રેડિયાના શોખીન છે. તે બહાર જાય ત્યાં પણ રેડીયો હોય તો સાથે રાખે છે. સ્ત્રીઓ હાથમાં બંગડીઓ પહેરે છે. બંગડીઓ સામાન્ય રીતે નિકલની બનાવેલ હોય છે જ્યારે મોટાભાગે બંગડીઓ પ્લાસ્ટીક તથા કાચની હોય છે. નાકમાં વાળી (નથ) પહેરે છે. કાનમાં એરીંગ પહેરે છે. કાનમાં કાન-કલીપ બાંધેલી પોગરન બાંધે છે. ગળામાં જુદા જુદા સિક્કાનો બનાવેલ હાર પહેરે છે. પરણિત સ્ત્રીઓ હાંસડી પહેરે છે. સામાન્ય રીતે

પગમાં તેઓ જોડા-ચંપલ પહેરતા નથી પરંતુ કેટલીક સ્ત્રીઓ ઉત્સવો અને સારા પ્રસંગે પગમાં ઝાંઝર પહેરે છે. પુરુષો સ્ત્રીઓ કરતાં ઓછા ઘરેણાં પહેરે છે. પુરુષો હાથમાં કડુ અને ખમીસ અથવા બંડીમાં ચાંદીની સાંકળ બટન સાથે પહેરે છે. નાની છોકરીઓના કાન નાની ઉંમરે વીંધવામાં આવે છે અને કાનમાં ઘાસનું રાડુ નાખવામાં આવે છે.

ઘરવખરીનાં સાધનો :-

ડાંગી ઘરોમાં ઘરવખરીના સાધનોમાં ઘણી ઓછી વસ્તુઓ જોવા મળે છે. સામાન્ય રીતે તેઓ માટીનાં વાસણો વાપરે છે. કેટલાકની પાસે રાંધવાના એલ્યુમિનિયમના તપેલાં જોવા મળે છે. સામાન્ય રીતે મોટા-ભાગના કુટુંબો પાસે તાંબા અથવા પીત્તળના વાસણો જૂજ જોવા મળે છે. જોકે સ્ટીલના વાસણોનો વપરાશ હમણાં વધી રહયો છે કારણ કે જંગલ કામદાર સહકારી મંડળી તરફથી દર વર્ષે એક બે વાસણની ભેટ આપવામાં આવે છે. જોકે હમણાં જંગલોના કૂપકટિંગનું કામ બંધ છે. આ ઉપરાંત તાંબાના બેડા તેને 'ગુજબીયા' કહેવામાં આવે છે તે પાણી ભરી લાવવા માટે તેમજ પાણી રાખવા માટે વપરાય છે. તે મોટાભાગનાં કુટુંબો વસાવે છે. દરેક ઘરમાં ખાટલો હોય જ છે તેવું નથી. મોટેભાગે તેઓ વાંસમાંથી બનાવેલ ચટાઈ પર સૂઈ જાય છે. કુનબી કુટુંબો પાસે બાંકડો, ખાટલા તેમજ ખુરશી જેવાં બેસવાનાં સાધનો જોવા મળ્યાં હતાં. કાચના વાસણો ચા-પાણી માટે રાખે છે. મોટાભાગના કુટુંબો ચા પીતાં નથી. જેઓ ચા પીએ છે તે દૂધ વગરની પીએ છે. કેટલાક કુટુંબો પાસે ફાનસ છે જ્યારે કેટલાક પાસે તો દિવો પણ નથી. લગભગ દરેક ઘરમાં ઘંટી રાખે છે પણ હમણાં ગામમાં ઘંટી થઈ છે.

ખોરાક :-

અગાઉ જોયું તેમ ડાંગી લોકો દિવસમાં ત્રણવાર ખાય છે. સવાર, બપોર અને રાત્રે તેમના ખોરાકમાં મુખ્યત્વે નાગલીના રોટલા છે. તેમનો ખોરાક હવે નાગલી જ રહયો છે., તેવું નથી. ધંધાર્થે બહારગામ જાય ત્યાં તેઓ બાજરી, જુવાર અને ઘઉંના રોટલા પણ ખાય છે. તેઓ હલકી જાતના ચોખા પકવે છે. ખાસ પ્રસંગે તેમજ ઉત્સવોમાં ચોખા, દાળ અને શાકભાજી ખાય છે. આર્થિક સ્થિતિ સારી હોય તે દિવસમાં એક ટાઈમ દાળ, ભાત બનાવી પણ ખાય છે. સસ્તા અનાજની દુકાને મળતું અનાજ લાવી ખાય છે.

તેમાં ઘઉં, જુવાર, ચોખા વગેરે મળે છે. મરઘાં બકરાંનું માંસ ખાય છે. ક્યારેક શિકાર કરીને પણ માંસ ખાય છે. દૂધ-ઘીનો ઉપયોગ નહીંવત્ છે. અનાજનો સંગ્રહ કરે છે પણ ખલાસ થઈ જાય ત્યારે જંગલનાં કંદમૂળ તથા ભાજી ઉપર ચલાવતા હોય છે. કેટલાક દારુ પણ પીએ છે. પણ પહેલાંની સરખામણીમાં દારુનું પ્રમાણ ઘણું ઓછું થયું છે તેમ કેટલાકનું કહેવું હતું. આ ઉપરાંત બીડી-તમાકુ ઘણા પ્રમાણમાં પીએ છે. ચા પ્રસંગોપાત પીએ છે. આમ છેલ્લા દસકા દરમિયાન ખોરાક અને પીણાંમાં પણ થોડાંક પરિવર્તન આવેલ જણાય છે. ચોમાસાના દિવસોમાં આજે પણ કેટલાક કુટુંબોને ભૂખ્યા રહેવું પડે છે. અથવા જંગલના ભાજીપાલા ઉપર દિવસો પસાર કરવા પડે છે. તે એક કમનસીબ બીના છે. અમારી માહિતી પ્રમાણે ૧૯ કુટુંબોને છેલ્લી મોજણીનાં ગાળાથી એક વર્ષના સમયમાં ૨૪૦ ટંક ભૂખ્યા રહેવું પડયું હતું.

<u>તપાસેલ કુટુંબોની માહિતી</u> :-

આ ગામ અંગેની અને વર્તમાન મોજણી સાથે સંબંધિત અન્ય વિગતો જોઈએ તે પહેલાં હવે પછીના વર્ણનમાં વપરાયેલા કેટલાક શબ્દસમૂહોના ક્ષેત્ર વ્યાપ બાંધવાનો આપણે પ્રયાસ કરીશું. મૂળ મોજણી એટલે આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર તરફથી વિવિધ આદિવાસી જાતિઓના અભ્યાસના એક ભાગરૂપે ભીલ આદિવાસી જાતિના આ વિભાગના એક નમૂનારૂપ ગામ તરીકે ગાઢવીમાં હાથ ધરાયેલ મોજણી. આ મોજણી ૧૯૬૯ના ગાળામાં શરૂ કરીને પૂરી કરવામાં આવી હતી. પુર્ન મોજણી એટલે ભીલ પુર્ન અભ્યાસની યોજનાના એક ભાગરૂપે ફ્રેબુઆરી ૧૯૭૯માં કેન્દ્ર તરફથી ગુજરાતના ભીલ વસ્તી ધરાવનારા વિવિધ ભાગોમાં હાથ ધરાયેલા મોજણીના એક ભાગરૂપે કરવામાં આવેલી મોજણી જ્યારે ૧૯૮૯ની મોજણી એટલે ૧૯૬૯માં અને ૧૯૭૯માં કરવામાં આવી હતી. મોજણીના તેજ કુટુંબો કે જેની મૂળ મોજણી અને પુર્ન મોજણીમાં સમાવેશ થયેલો છે. આટલી પૂર્વભૂમિકા પછી ૧૯૮૯માં કરવામાં આવેલી મોજણીના કુટુંબોની માહિતી જોઈશું.

<u>કોઠા નં.- ૧૨</u>

<u>ભીલનાં કુટુંબો દર્શાવતો કોઠો</u>

| વર્ષ | ભીલ | કુનબી | કુલ |
|---|---|---|---|
| ૧૯૭૯ | ૩૪ (૭૫.૫૬) | ૧૧(૨૪.૪૪) | ૪૫(૧૦૦.૦૦) |
| ૧૯૮૯ | ૩૨ (૭૬.૧૯) | ૧૦(૨૩.૮૧) | ૪૨(૧૦૦.૦૦) |

ઉપરોક્ત જાતિ દર્શાવતા કોઠામાં દર્શાવ્યા પ્રમાણે ૧૯૭૯ની પુર્નમોજણીમાં ૩૪ ભીલના અને ૧૧ કુનબીના કુટુંબોની મોજણી કરવામાં આવી હતી જ્યારે ૧૯૮૯ની મોજણીમાં બે ભીલના અને એક કુનબી કુટુંબની સંખ્યા ઘટેલી હતી. એક કુટુંબના પરિવારમાં કોઈ સભ્ય જીવતું નહોતું. જ્યારે બે કુટુંબો ગામ છોડી કાયમી બીજે રહેવા માટે ચાલ્યા ગયા હતા. આમ ત્રણ કુટુંબોનો ઘટાડો નોંધાયો હતો. ગામમાં આજિવિકા ન મળતાં, સ્થળાંતર થયું હોય એવું પણ આ કુટુંબોના કિસ્સામાં બનવાની સંભાવના છે. કદમાં મધ્યમ કદ અને મોટા કુટુંબની સંખ્યા વિશેષ જોવા મળી હતી.

કોઠા નં.- ૧૩

કુટુંબના કદ પ્રમાણે વર્ગીકરણ

| કુલ કુટુંબો | ૧ થી ૩ વ્યક્તિ | ૪ થી ૬ વ્યક્તિ | ૭ થી ૯ વ્યક્તિ | કુલ |
|---|---|---|---|---|
| ૪૨ | ૪ | ૨૧ | ૧૭ | ૪૨ |
| ટકા | ૯.૫૩ | ૫૦.૦૦ | ૪૦.૪૭ | ૧૦૦.૦૦ |

તપાસેલ કુટુંબોનો પ્રકાર જોઈએ તો વિભક્ત કરતાં સંયુક્ત કુટુંબની સંખ્યા વધારે અને વધેલી જોવા મળી હતી.

કોઠા નં.- ૧૪

કુટુંબનો પ્રકાર

| વર્ષ | સંયુક્ત | વિભક્ત | કુલ |
|---|---|---|---|
| ૧૯૭૯ | ૧૫<br>(૩૫.૭૨) | ૨૭<br>(૬૪.૨૮) | ૪૨<br>(૧૦૦.૦૦ |
| ૧૯૮૯ | ૨૬<br>(૬૧.૯૧) | ૧૬<br>(૩૮.૦૯) | ૪૨<br>(૧૦૦,૦૦ |

ઉપરોક્ત કોઠો જોતાં સ્પષ્ટ થાય છે કે ૧૯૭૯માં સંયુક્ત કુટુંબની સંખ્યા ઓછી હતી તે વધી છે જ્યારે વિભક્ત કુટુંબોની સંખ્યા ઘટી છે. એટલે કે વિભક્ત કુટુંબ કરતાં સંયુક્ત કુટુંબમાં રહેવાની ફરજ પડી હોય એમ જણાય છે. કારણ કે રહેવા માટે ઘર, જમીન, રોજગારી વગેરેના પ્રશ્ન વિભક્ત કુટુંબમાં બહુ જ જટીલ હોય છે. આના કારણે પણ વિભક્ત કરતાં સંયુક્ત કુટુંબમાં જ રહેતા હોય તેવું લાગે છે.

## કોઠા નં.- ૧૫

### વયજૂથ પ્રમાણે વર્ગીકરણ

| કુલ કુટુંબો | ૧ દિવસથી ૧૨ માસ | | ૧ થી ૫ વર્ષ | | ૬ થી ૧૦ | | ૧૧ થી ૧૫ | | ૧૬ થી ૨૫ | | ૨૬ થી ૩૫ | | ૩૬ થી ૪૫ | | ૪૬ થી ૬૦ | | ૬૦થી ઉપર | | કુલ | | કુલ સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | પુ. | સ્ત્રી | પુ | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | સંખ્યા |
| ૪૨ | ૮ | ૪ | ૧૫ | ૧૬ | ૧૧ | ૧૯ | ૧૨ | ૧૦ | ૩૬ | ૩૭ | ૭ | ૪ | ૭ | ૧૫ | ૧૬ | ૯ | ૮ | ૪ | ૧૨૦ | ૧૧૮ | ૨૩૮ |
| ટકા | ૬.૬૭ | ૩.૩૯ | ૧૨.૫૦ | ૧૩.૫૬ | ૯.૧૬ | ૧૬.૧૦ | ૧૦.૦ | ૮.૪૮ | ૩૦.૦ | ૩૧.૩૫ | ૫.૮૪ | ૩.૩૯ | ૫.૮૪, | ૧૨.૭૨, | ૧૩.૩૨, | ૭.૬૩, | ૬.૬૭, | ૩.૩૮, | | | ૧૦૦% |

ઉપરોકત વયજૂથ પ્રમાણેના કોઠાનું વિશ્લેષણ કરતાં જણાય છે કે ૧ થી ૧૫ વર્ષના વયજૂથમાં ૯૫ વ્યકિતઓ હતી જે કુલ વસતિના ૩૯.૯૨ ટકા થાય છે. જ્યારે ૧૬ થી ૩૫ વર્ષના વયજૂથમાં ૮૪ વ્યકિત થાય છે. જે કુલ વસતિના ૩૫.૨૯ ટકા થાય છે. ૩૬ થી ૬૦માં ૪૭ વ્યકિત હતા જે કુલ વસતિના ૧૯.૭૫ ટકા થાય છે જ્યારે ૬૦ થી ઉપરની વય ધરાવતી ૧૨ વ્યકિતઓ હતા જે કુલ વસતિના ૫.૦૪ ટકા થાય છે. આમ ૧૬ થી ૨૫ વર્ષના યુવાન ભાઈ બહેનોની સંખ્યા સૌથી વધુ હતી. ત્યારબાદ નાના બાળકોની સંખ્યા વધુ હતી, ત્યાર પછી કિશોરોની સંખ્યા વધુ હતી. આમ બાળકો અને વૃધ્ધો મળી ૪૫ ટકા જેટલી વસતિ થવા જાય છે.

તપાસેલ કુટુંબોના વૈવાહિક દરજ્જા પ્રમાણે વર્ગીકરણ કરતાં જણાયું હતું કે કુલ પુરુષ વસતિમાં ૬૦ પુરુષો પરણિત હતા જ્યારે કુલ સ્ત્રી વસતિમાં ૬૨ સ્ત્રીઓ પરણિત હતી જે કુલ પુરુષ વસતિના ૫૦ ટકા અને સ્ત્રી વસતિના ૫૨.૫૫ ટકા થાય છે. ૬ પુરુષો વિધુર અને ૪ સ્ત્રીઓ વિધવા હતી જ્યારે એક સ્ત્રી ત્યકતા હતી અને એક પુરુષો છૂટાછેડા લીધેલા હતા. આમ એકંદરે કુલ વસતિમાં ૫૧.૨૬ ટકા પરણિત, ૪૩.૭૦ ટકા અપરણિત અને ૫.૦૪ ટકા વિધવા-વિધુર-ત્યકતા અને છૂટાછેડાવાળી હતી.

## કોઠા નં.- ૧૬

### વૈવાહિક દરજ્જો દર્શાવતો કોઠો

| વર્ષ | પરણિત | | અપરણિત | | વિધુર | વિધવા | ત્યકતા | છૂટાછેડા | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | | | | | પુ. | સ્ત્રી |
| ૧૯૭૯ | ૬૩ | ૬૪ | ૮૨ | ૭૩ | - | ૨ | - | - | ૧૪૫ | ૧૩૯ |
| | ૪૩.૪૪ | ૪૬.૦૪ | ૫૬.૫૬ | ૫૨.૫૨ | | ૧.૪૪ | | | ૧૦૦% | ૧૦૦% |
| ૧૯૮૯ | ૬૦ | ૬૨ | ૫૩ | ૫૧ | ૬ | ૪ | ૧ | ૧ | ૧૨૦ | ૧૧૮ |
| | ૫૦.૦૦ | ૫૨.૫૫ | ૪૪.૧૬ | ૪૩.૨૨ | ૫.૦૦ | ૩.૩૮ | ૦.૮૫ | ૦.૮૪ | ૧૦૦% | ૧૦૦% |

<u>શિક્ષણ</u> :-

તપાસેલ કુટુંબોમાંથી ૬ વર્ષથી નીચેના બાળકોને બાદ કરતાં ૬૬.૦૬ ટકા અભણ હતા જ્યારે ૩૩.૯૪ ટકા ભણેલા હતા. તેજ રીતે મૂળ મોજણી ટાણે આ સંખ્યા ૮૧.૦૦ ટકા હતી જ્યારે ભણેલા ૧૯.૦૦ ટકા હતી. પુર્નમોજણી એટલે કે ૧૯૭૯ની મોજણીમાં ૭૫.૫૫ ટકા અભણ અને ૨૪.૪૫ ટકા ભણેલી વ્યકિતઓ હતી. આમ ત્રણે સમયની મોજણી દ્વારા જોઈ શકાય છે કે શિક્ષણની ટકાવારી વધેલી જણાય છે. ત્રણે મોજણી ટાણે સ્ત્રીઓ કરતાં પુરુષો ભણેલાની સંખ્યા વધુ હતી જે કોઠા દ્વારા જોઈએ.

<u>કોઠા નં.- ૧૭</u>

: <u>શિક્ષણ</u> :

| વર્ષ | અભણ | | ભણેલા | | કુલ | |
|---|---|---|---|---|---|---|
| | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી |
| ૧૯૭૯ | ૯૦ | ૧૧૭ | ૫૦ | ૧૭ | ૧૪૦ | ૧૩૪ |
| | ૬૪.૨૮ | ૮૭.૩૧ | ૩૫.૭૨ | ૧૨.૬૯ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |
| ૧૯૮૯ | ૫૬ | ૫૩ | ૪૩ | ૧૩ | ૯૯ | ૬૬ |
| | ૫૬.૫૭ | ૮૦.૩૦ | ૪૩.૪૩ | ૧૯.૭૦ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |

<u>શિક્ષણ</u>

| વર્ષ | ૧ થી ૪ | | ૫ થી ૭ | | ૮ થી ૧૦ | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|
| | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી |
| ૧૯૮૯ | ૧૧ | ૨ | ૧૧ | ૨ | ૭ | - | ૨૯ | ૪ |
| | ૩૭.૯૩ | ૫૦.૦ | ૩૭.૯૩ | ૫૦.૦૦ | ૨૪.૧૪ | | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |

ઉપરોકત કોઠો જોતાં સ્પષ્ટ ખ્યાલ આવે છે કે ૧૯૭૯માં અભણ અને ભણેલાની સંખ્યા સભ્યસંખ્યા પ્રમાણે વધુ જોઈ શકાય છે પણ ટકાવારીની દૃષ્ટિએ અભણની સંખ્યા ઘટી છે અને ભણેલાની સંખ્યા વધેલી જોઈ શકાય છે. ગુજરાતની કુલ વસ્તીમાં અક્ષરજ્ઞાન ધરાવનારાઓની તુલનામાં ૮૯ની મોજણીમાં આવરાયેલા કુટુંબોનું પ્રમાણ ૨૩.૫૩ ટકા હતું. સ્ત્રીઓમાં અક્ષરજ્ઞાનનું પ્રમાણ ખૂબ ઓછું જણાય છે. જોકે તે પ્રથમ પુર્નમોજણીની તુલનામાં વધ્યું જરૂર છે. જોકે આ આંકડાઓમાં કુનબી અને ભીલ બંને કુટુંબોનો સમાવેશ થયો છે પણ ભીલ

કુટુંબોમાં આ પ્રમાણ હજી પણ ઘણું નીચું હોવાની છાપ છે. જેમનું શિક્ષણ પુરુ થયું છે તેવા અને જેમનું શિક્ષણ ચાલુ છે તેવા સભ્યોની માહિતી જોઈએ તો ૧થી ૪ ધોરણ સુધી ભણેલા ૧૩ વ્યકિતઓ હતા જેમાં ૧૧ પુરુષો અને ૨ સ્ત્રીઓ હતી જ્યારે ૫.થી ૭ ધોરણ સુધી પણ ૧૧ પુરુષો અને બે સ્ત્રીઓ ભણેલી હતી જ્યારે ૮ થી ૧૦ ધોરણ ભણેલા ફકત ૭ પુરુષો સભ્યો હતા. આમ ગામમાં સગવડ મળી ત્યાં સુધી છોકરીઓ ભણાવી પછી અભ્યાસ છોડી દીધો હોય તેવું તારણ નિકળી શકે છે. ઉચ્ચ શિક્ષણ લીધું હોય તેવી એક વ્યકિત હતી જેને પી.ટી.સી. કરેલી હતી જે શિક્ષકની નોકરી કરતા હતા. આ સિવાય બીજી કોઈ વ્યકિત ન હતી.

કોઠા નં. – ૧૮

ચાલુ શિક્ષણ દર્શાવતો કોઠો

| વર્ષ | ૧ થી ૪ | | ૫ થી ૭ | | ૮ થી ૧૦ | | કોલેજ | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | કુમાર | કન્યા | કુમાર | કન્યા | કુમાર | કન્યા | કુમાર | કન્યા | કુમાર | કન્યા |
| ૧૯૮૯ | ૯ | ૫ | ૩ | ૨ | ૨ | – | – | ૨ | ૧૪ | ૯ |
| | ૬૪.૨૯ | ૫૫.૫૬ | ૨૧.૪૩ | ૨૨.૨૨ | ૧૪.૨૮ | | | ૨૨.૨૨ | ૧૦૦% | ૧૦૦% |

તપાસમાં લીધેલ ૪૨ કુટુંબોમાંથી ફકત ૨૩ બાળકો અભ્યાસ કરતા હતા જેમાં ૧૪ કુમાર અને ૯ કન્યાઓ હતી. જે કુલ સભ્યોના ફકત ૧૪.૭૫ ટકા જેટલી થાય છે. જેમાં કુલ પુરુષ સભ્યોની ૧૪.૧૪ ટકા અને સ્ત્રીસભ્યો-ના ૧૩.૬૪ ટકા છે. આથી શિક્ષણ જે રીતે વધવું જોઈએ તે રીતે વધ્યું નથી. અભ્યાસ કરતા બાળકોમાં ૧થી ૪ ધોરણમાં ભણતા ૧૪ બાળકો હતા જેમાં ૯ કુમાર અને ૫ કન્યાઓ હતી. ૫થી ૭ ધોરણમાં અભ્યાસ કરતા ૫ બાળકો હતા જેમાં ૩ કુમાર અને ૨ કન્યાઓ હતી જ્યારે ઉચ્ચશિક્ષણ લેતી બે બહેનો હતી. જે એક કુનબી શિક્ષકની દિકરી હતી. ગામમાં ૧થી ૭ ધોરણની પ્રાથમિક શાળાની સગવડ ઉપલબ્ધ હોવાથી ૧થી ૭ ધોરણ સુધી ભણાવી બાળકોને નિશાળમાંથી ઉઠાડી લેવામાં આવે છે. તેવું તારણ નિકળી શકે છે. આગળ સમગ્ર ગામના અભ્યાસ કરતા બાળકોની માહિતી આપવામાં આવી છે તેમાં પણ જેમ જેમ આગળ જાય તેમ તેમ સંખ્યા ઘટેલી જોઈ શકાય છે. આમ છતાં શિક્ષણનું પ્રમાણ વધ્યું છે તેમ કહેવામાં ખોટું નથી.

## પ્રકરણ - ૩

## આર્થિક જીવન

**વિસ્તાર :-**

૧૯૮૧ની વસતિ ગણતરી પ્રમાણે ૬૪૦ વ્યક્તિઓની વસતિ ધરાવતા ગાઢવી ગામનો મુખ્ય વ્યવસાય ખેતી અને પશુપાલનનો છે. આ ઉપરાંત ખેતમજૂરી જંગલમજૂરી, બહારના વિસ્તારની મજૂરી જેવી કે શેરડી કાપવા જવું, રોડકામ, બાંધકામ વગેરેમાં પણ કામ કરવા જાય છે. ગામના ભીલ કુટુંબો શેરડી કાપવા માટે બારડોલી, નવસારી વગેરે સ્થળે જાય છે. કુનબી અને વારલીઓ ખેતી ઉપરાંત પશુપાલનમાં વધુ ધ્યાન આપે છે. પહાડી અને જંગલ વિસ્તાર હોવાથી જમીનો પણ ઢોળાવ અને પથ્થરવાળી છે. જેથી પરંપરાગત હલકા પ્રકારના ધાન્યની ખેતી કરવામાં આવે છે. મેદાની વિસ્તારમાં ક્યારી બનાવી હલકા પ્રકારની ડાંગર પણ પકવવામાં આવે છે. આ ઉપરાંત નાગલી, વરી, અડદ, તુવર, ખુરસાણી વગેરે પકવે છે. હમણાં હમણાં સારા ખેડૂતો મગફળી પકવતા થયા છે. કેટલાક પોતાના વાડામાં મકાઈ તથા શાકભાજીનું વાવેતર પણ કરે છે. ખેતીની પધ્ધતિમાં કોઈ સુધારો થયો હોય તેવું જોવા મળતું નથી. કારણ કે આજે પણ પરંપરાગત પધ્ધતિથી ખેતી કરવામાં આવે છે. લાકડાના હળને પાડા કે બળદ જોડી ખેડ કરવામાં આવે છે. કેટલાક તો હાથના હળથી પણ ખેતી કરતા જોવા મળ્યા હતા. નાગલી અને ડાંગરનું ધરું કરવામાં આવે છે. જ્યારે બીજા ધાન્યોને ચાસમાં ઓળવામાં આવે છે. બિયારણ પોતાના ઘરનું વાપરે છે. ન હોય તો જેની પાસે હોય તેની પાસેથી ઉછીનું લાવી ઓળે છે. પાકે ત્યારે તેણે બમણું પાછું આપવું પડે છે. ખાતર કે કીટસનો ઉપયોગ સારા ખેડૂતો જ કરે છે. હમણાં હમણાં શાકભાજીના કિટસનો ઉપયોગ કરતા થયા છે. ગામમાં ખેતીની જમીન ધરાવતા ૧૨૭ ખાતેદારો છે. તેમની પાસે ૭૬૨ હેક્ટર ૭૭ આર.એ જમીન છે. કુલ કુટુંબોના ૬૭.૫૬ ટકા થાય છે જ્યારે બાકીના ૩૨.૪૪ ટકા એવા કુટુંબો છે જેમની પાસે ખેતી માટે જમીન નથી. ગામના ૫૨ કુટુંબો નોંધાયેલ ખેતમજૂર છે જે કુલ કુટુંબોના ૨૭.૬૬ ટકા થાય છે. ગામમાં ખેતી સિવાય બીજી કોઈ મજૂરી મળતી નથી. જંગલમજૂરી ખૂબ ઓછા માણસોને મળે છે. કૂપ બંધ થવાથી જંગલ મજૂરી ઘટી ગઈ છે. ચોમાસામાં બે ત્રણ માસ ખેતીની મજૂરી મળે છે. બાકીનો સમય બહારની મજૂરી ઉપર આધાર રાખવો પડે છે. ગામમાં માસિક બંધાયેલ મજૂરને ૧૦૦ થી ૧૫૦ રૂપિયા આપે સાથે

ખાવાનું આપે છે. રોજીંદા મજૂરોને બે કીલો અનાજ અને એક ટાઈમ રોટલા આપવામાં આવે છે. ખાંડના કારખાનામાં શેરડી કાપવા માટે કુટુંબ સાથે જાય છે ત્યાં તેમને ટનના ૩૦ રૂા. પ્રમાણે મજૂરી મળે છે. ત્યાંથી તેઓ ૧૫૦૦ થી ૨૦૦૦ રૂપિયા સુધીની કમાણી કરી લાવે છે. આ ઉપરાંત રસ્તા, બાંધકામ તેમજ કારખાનામાં મજૂરી તરીકેના કામ માટે બહારગામ પણ જાય છે.

શિક્ષણનું પ્રમાણ વધ્યું છે પણ નોકરીઓ કરતા હોય તેવા ભાગ્યે જ કોઈક છે. જે કુટુંબોના સભ્યો નોકરી કરતા હતા તેમાં શિક્ષક, આંગણવાડી ચલાવવી, પટાવાળા કે મંડળીના મંત્રી તરીકે કામ કરતા હતા. ગામમાં ઓછું ભણેલા બેકારોની સંખ્યા વધતી જતી જોવા મળી હતી. તેમની રોજગારીનો મોટો પ્રશ્ન છે. તપાસેલ કુટુંબોના વ્યવસાય કોઠા ધ્વારા જોઈએ તો વધુ સ્પષ્ટ ખ્યાલ આવશે.

કોઠા નં.- ૧૯

વ્યવસાય દર્શાવતો કોઠો

| વર્ષ | ખેતી મજૂરી | ખેતી નોકરી | ખેતમજૂરી અન્ય મજૂરી | કુલ |
|---|---|---|---|---|
| ૧૯૭૯ | ૩૪ | ૧ | ૭ | ૪૨ |
| | ૮૦.૯૬ | ૨.૩૮ | ૧૬.૬૬ | ૧૦૦.૦૦ |
| ૧૯૮૯ | ૩૪ | ૧ | ૭ | ૪૨ |
| | ૮૦.૯૬ | ૨.૩૮ | ૧૬.૬૬ | ૧૦૦.૦૦ |
| કુલ | ૬૮ | ૨ | ૧૪ | ૮૪ |

ઉપરોક્ત કોઠો જોતાં સ્પષ્ટ ખ્યાલ આવે છે કે ૧૯૭૯ની મોજણીમાં જે કુટુંબો ખેતી કરતા હતા તેજ કુટુંબો અને તેટલા જ કુટુંબો ખેતી + મજૂરી કરતા હતા જયારે એક કુટુંબ નોકરી સાથે ખેતી કરતું માલુમ પડયું હતું જયારે સાત કુટુંબો ખેતમજૂરી તથા અન્ય મજૂરી કરતા માલુમ પડયા હતા. આમ ૧૯૭૯ની મોજણીમાં અને ૧૯૮૯ની મોજણીમાં વ્યવસાયમાં કોઈ ફેર જોવા મળતો નથી.

આર્થિક દરજ્જો :-

કુટુંબના સભ્યોનો આર્થિક દરજ્જો જોઈએ તો કુલ સભ્યોના ૬૨.૧૮ ટકા સભ્યો કમાણી કરતા હતા જ્યારે ૩૭.૮૨ ટકા સભ્યો કમાનાર પર આધારિત હતા જેમાં નાની વયના બાળકો અને અશક્ત વૃધ્ધોનો સમાવેશ થઈ શકે. જોકે અર્ધબેકારીનો પ્રશ્ન તો કમાનાર સભ્યોને પણ સતાવેતો હતો. કારણ કે ગામમાં બારેમાસ રોજગારી આપી શકે તેવાં કોઈ સાધનો ન હતા. કુલ કમાનારાઓની તુલનાત્મક સ્થિતિનો ખ્યાલ કોઠા ધ્વારા મેળવીએ જેથી વધુ સ્પષ્ટ ખ્યાલ આવી શકે.

કોઠા નં.- ૨૦

કુલ કમાનારાઓ દર્શાવતો કોઠો

| વર્ષ | પુરુષ | સ્ત્રી | નાની વયના બાળકો પુરુષ | સ્ત્રી | કુલ પુરુષ | સ્ત્રી |
|---|---|---|---|---|---|---|
| ૧૯૭૯ | ૬૧ | ૬૧ | ૩૦ | ૧૭ | ૯૧ | ૭૮ |
| | ૬૭.૦૩ | ૭૮.૨૦ | ૩૨.૯૭ | ૨૧.૮૦ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |
| ૧૯૮૯ | ૬૯ | ૬૬ | ૮ | ૫ | ૭૭ | ૭૧ |
| | ૮૯.૬૨ | ૯૨.૯૬ | ૧૦.૩૮ | ૭.૦૪ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |

ઉપરોક્ત કોઠો જોતાં ખ્યાલ આવે છે કે કમાનાર સભ્યોમાં પુરુષો અને સ્ત્રીઓમાં કોઈ મોટો તફાવત નથી. એક ધ્યાન ખેંચે એવી વાત એ છે કે ૧૯૭૯ની મોજણીમાં જે બાળ કામદારોની સંખ્યા વધુ હતી તે ૧૯૮૯ની મોજણીમાં ઘટેલી જોઈ શકાય છે. તેનું એક કારણ એ પણ હોઈ શકે કે શિક્ષણનું પ્રમાણ વધતાં બાળકોને કામધંધામાં ન રોકતાં ભણવા મોકલતા થયા હતા.

જમીનનું પ્રમાણ :-

આગળ જોયું તેમ ગામના કુટુંબોનો મુખ્ય ધંધો ખેતી હતો. ખેતી સિવાય અન્ય મજૂરી ધ્વારા પૂરક રોજગારી મેળવતા હતા.

તપાસેલ ૪૨ કુટુંબોમાંથી ૩૫ કુટુંબો પાસે જમીન હતી જ્યારે ૭ કુટુંબો પાસે જમીન ન હતી. ૧૯૬૯ની મોજણી સમયે ૬૮ કુટુંબો તપાસ્યા હતા જેમાં ૫૬ કુટુંબો પાસે જમીન હતી જ્યારે ૧૯૭૯ની પુનઃમોજણી સમયે ૪૫ કુટુંબો તપાસ્યા હતા જેમાં ૩૪ કુટુંબો પાસે જમીનો હતી બાકીના કુટુંબો ખેતમજૂરી કે અન્ય મજૂરી પર આધારીત હતા.

૧૯૮૯ની તપાસ હેઠળના કુટુંબોની જમીન માલિકી અંગેની પરિસ્થિતિ નીચે પ્રમાણે હતી.

કોઠા નં.- ૨૧

જમીનનું પ્રમાણ દર્શાવતો કોઠો (હેકટરમાં)

| કુલ કુટુંબો | જમીનવાળા | ૦ થી ૨ | ૨ થી ૪ | ૪થી ૬ | ૬થી ૮ | ૮થી૧૦ | ૧૦થી ઉપર |
|---|---|---|---|---|---|---|---|
| ૪૨ | ૩૫ | ૬ | ૯ | ૧૦ | ૪ | ૩ | ૩ |
| | ટકા | ૧૭.૧૪ | ૨૫.૭૨ | ૨૮.૫૮ | ૧૧.૪૨ | ૮.૫૭ | ૮.૫૭ |

ઉપરોકત કોઠો જોતાં ખ્યાલ આવે છે કે તપાસેલ ૪૨ કુટુંબોમાંથી ૩૫ કુટુંબો પાસે ખેતીની જમીન હતી જે કુલ કુટુંબોના ૮૩.૩૩ ટકા થાય છે. સૌથી વધુ જમીન ધરાવતા ૧૦ કુટુંબો હતા જેમની પાસે ૪ થી ૬ હેકટર જમીન હતી જ્યારે ૯ કુટુંબો એવા હતા જેમની પાસે ૨ થી ૪ હેકટર જમીન હતી જે જમીનવાળા કુલ કુટુંબના ૨૫.૭૨ ટકા થાય છે જ્યારે ૦ થી ૨ હેકટર ધરાવતા કુટુંબોની સંખ્યા ૬ હતી જે કુલ જમીન ધરાવતા કુટુંબના ૧૭.૧૪ ટકા થાય છે. જ્યારે ૮ થી ૧૦ અને ૧૦ થી ઉપર જમીન ધરાવતા કુટુંબોની સંખ્યા ફકત ત્રણ ત્રણ હતી. ગાઢવીના રાજાના નામ પર ૧૫૪ હેકટર ૧૦ આર.એ જમીન હતી જે ગામમાં સૌથી વધુ હતી. તપાસેલ કુટુંબો પાસે જમીન ધારણ શકિત વધેલી જોઈ શકાય છે પણ વાસ્તવિક પરિસ્થિતિમાં તેમ નથી. જમીન મૂળ માલિકના નામ પર હોય પણ કુટુંબ વિભાજન થતાં તેની જમીનનું વિભાજન થાય છે પણ જમીન જેના નામ પર હોય તેના નામ પર જ રહે છે. જ્યારે જમીનના ટુકડા ઘણા થઈ ગયા હોય છે. તપાસેલ ૩૫ જમીનવાળા કુટુંબોની જમીનમાં પણ ભાગીદારો હતા. આમ જમીનનું પ્રમાણ ઘણું જ ઓછું થઈ જતું હોય છે. જમીન નામ

પર છે તેવા ૩૫ અને જેમનો જમીનમાં ભાગ છે તેવા ૫૫ ભાગીદારો ગણીએ તો ૯૦ કુટુંબોનું ભારણ હતું તેમ કહી શકાય. જમીનમાં કોઈ વધારો કે ઘટાડો જોઈ શકાતો નથી. ફક્ત એકજ કુટુંબ એવું હતું જેણે જમીન ખરીદી હતી. બાકીના બધા જ કુટુંબોએ જમીન વારસામાં મળી હતી. રાજા સાહેબના પુત્ર પાસે જમીન ૧૫૪ હેકટર હતી તેમાં ૬ ભાગીદારો હતા જે એક કુટુંબને ૨૫.૬૬ હેકટર જમીન આપી શકે. આમ લગભગ દરેક કુટુંબોની આવી સ્થિતિ જોવામાં આવી હતી. (તલાટીના રેકર્ડ ઉપરથી ભાગીદારો-ની માહિતી મેળવવામાં આવી હતી.)

<u>કોઠા નં.- ૨૨</u>

<u>જાતિવાર જમીનનું પ્રમાણ દર્શાવતો કોઠો (હેકટરમાં)</u>

| કુલ કુટુંબો | જમીનવાળા | કુલ જમીન | કુટુંબદીઠ જમીન |
|---|---|---|---|
| ૪૨ | ૩૫ | ૩૨૯.૨૭ | ૭.૬૩ |
| ભીલો | ૨૪ | ૯૧.૨૬ | ૩.૮૦ |
| કુનબી | ૧૦ | ૮૩.૯૧ | ૮.૩૯ |
| રાજાના વારસ-દારોના નામપર | ૧ | ૧૫૪.૧૦ | - |

ઉપરોક્ત કોઠો જોતાં સ્પષ્ટ ખ્યાલ આવે છે કે તપાસેલ કુટુંબો પાસે કુલ જમીન ૩૨૯.૨૭ હેકટર હતી જે કુટુંબદીઠ ૭.૬૩ હેકટર જમીન હતી. આ જમીનનું જાતિવાર વિશ્લેષણ કરતાં ખ્યાલ આવે છે કે વાસ્તવ-માં કુટુંબદીઠ ૭.૬૩ હેકટર જમીન છે. તપાસેલ ૨૫ ભીલ કુટુંબોમાંથી રાજાનું કુટુંબ બાદ કરતાં ભીલ કુટુંબો પાસે ૯૧.૨૬ હેકટર જમીન હતી જે કુટુંબદીઠ ૩.૮૦ હેકટર થાય છે જ્યારે તપાસેલ ૧૦ ~~xxxx~~ કુનબી કુટુંબો પાસે ૮૩.૯૧ હેકટર જમીન હતી જે કુટુંબદીઠ ૮.૩૯ હેકટર થાય છે. આમ કુનબી કુટુંબો પાસે ભીલ કુટુંબો કરતાં બમણીથી પણ વધુ જમીન હતી. ~~xxxx~~જ્યારે રાજાની જમીન જે ૧૫૪.૧૦ હેકટર જમીન બાદ કરતાં કુલ કુટુંબદીઠ સરેરાશ જમીન કાઢવામાં આવે તો ૪.૧૭ હેકટર જમીન થાય છે. આમ કુલ જમીનની અડધાથી ઓછી જમીન તો રાજાના વારસદારોના નામે હતી. અગાઉ જોયું તેમ સરેરાશ જમીનમાં ભાગીદારો તો હોય જ. એટલે કે તેમને કેટલા નાના ટૂકડાઓમાં નિર્વાહ કરવો પડે છે તેનો સ્પષ્ટ ખ્યાલ આવે છે.

આવક :- જુદા જુદા વ્યવસાય વાર કુલ આવક અને કુલ આવકમાંના પ્રમાણ અંગેની વિગતો નીચેના કોઠામાં દર્શાવવામાં આવી છે.

કોઠા નં.- ૨૩

તપાસ હેઠળના કુટુંબોની વિવિધ વ્યવસાયમાંથી થતી કુલ આવક તેમજ પ્રમાણ (રૂપિયામાં)

| વર્ષ | ખેતી પશુપાલન | મજૂરી | જંગલ-ગૌણ આવક | નોકરી | વેપાર-ગૃહ ઉદ્યોગ | અન્ય આવક | કુલ આવક | કુટુંબદીઠ આવક |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧૯૬૯ | ૧૭૦૨૮ | ૧૧૯૭૭ | ૪૮૧૫ | ૨૬૪ | - | ૧૩૭૭૭ | ૪૭૮૬૧ | ૭૦૪ |
| ટકા | ૩૫.૬ | ૨૫.૦ | ૧૦.૦૧ | ૦.૦૫ | | ૨૮.૮ | ૧૦૦.૦૦ | |
| ૧૯૭૯ | ૧૮૫૧૯ | ૩૦૭૧૩ | ૧૦૬૬૨ | ૧૦૨૦૦ | ૧૦૫૪૦ | ૭૫૮૦ | ૮૮૨૧૪ | ૧૫૬૦ |
| | ૨૧.૦૦ | ૩૪.૮૧ | ૧૨.૦૮ | ૧૧.૫૭ | ૧૧.૯૪ | ૮.૬૦ | ૧૦૦.૦૦ | |
| ૧૯૮૯ | ૬૨૦૩૫ | ૭૩[illegible] ૨૩૯ | ૩૫૦૦ | ૨૯૨૦૦ | ૧૮૦૦ | ૬૩૩૫૦ | ૨૩૩૧૨૩ | ૫૫૫૦ |
| ટકા | ૨૬.૬૧ | ૩૧.૪૧ | ૧.૫૦ | ૧૨.૫૩ | ૦.૭૮ | ૨૭.૧૭ | ૧૦૦.૦૦ | |

ઉપરના કોઠા પરથી જણાય છે કે મૂળ મોજણી ટાણે તપાસ હેઠળના કુટુંબોમાં ખેતીમાંથી થતી આવક સૌથી વધુ હતી. ઈતર આવક ખેતમજૂરી તેમજ જંગલ મજૂરીની આવક તે પછીના ક્રમમાં આવતી હતી જ્યારે પુર્નમોજણી ટાણે આ ચિત્રમાં કેટલેક અંશે સ્પષ્ટ ફેરફાર થયેલો દેખાય છે. તપાસ હેઠળના કુટુંબોની અર્થવ્યવસ્થામાં ૧૯૭૯માં ખેતીનું સ્થાન છેલ્લા તપાસ હેઠળના વર્ષ પૂરતું તો ખેતીને બદલે મજૂરીએ લઈ લીધું છે. પુર્નમોજણી ટાણે ખેતમજૂરીમાંથી મળતી સૌથી વધુ આવક પછી બીજા ક્રમમાં ખેતી આવી શકે છે અને ત્યારબાદ ઈતર આવક આવે છે. ૧૯૮૯ની તપાસમાં પણ અગાઉની બંને તપાસ જેવું જ ચિત્ર જોઈ શકાય છે. ૧૯૮૯ની તપાસમાં પણ મજૂરીની આવક જ મોખરાનું સ્થાન ધરાવે છે. ત્યારબાદ ખેતી આવે છે. જોકે ૧૯૭૯ની તપાસ કરતાં ૧૯૮૯ની તપાસમાં ખેતીની આવક લગભગ ત્રણ ઘણી થવા જાય છે. ત્યારબાદ નોકરીની આવક આવે છે. ઉપરની બંને તપાસ કરતાં ૧૯૮૯ની તપાસમાં નોકરીની આવક વધી છે. સાથે સાથે વેપાર-ગૃહઉદ્યોગની આવક ઘટેલી જોઈ શકાય છે. એટલે કે વેપાર ગૃહઉદ્યોગની આવક ઘટેલી જોઈ શકાય છે એટલે કે વેપાર ગૃહઉદ્યોગ જે રીતે વિકાસ પામતા જોઈએ તે રીતે વિકસી શક્યા નથી. અહીં એક ઉલ્લેખ કરવો જરૂરી છે કે ૧૯૭૯ની મોજણી સમયે ગામમાં અંબર ચરખા કેન્દ્રો ચાલતા હતા તેના કારણે ગૃહઉદ્યોગની આવક વધી હતી જ્યારે ત્રીજી વારની તપાસમાં અંબર ચરખા કેન્દ્રો ચાલતા ન હતા પણ તેની જગ્યાએ સિવણ કામ કરતા એક બે કુટુંબો જોવા મળ્યા હતા. અન્ય આવકો ત્રણે વખતની તપાસમાં વધુ જોઈ શકાય છે તેનું કારણ પણ સ્પષ્ટ છે કે ત્રણે તપાસમાં ગાઢવીના માજી રાજાનો તપાસ હેઠળના કુટુંબોમાં સમાવેશ થાય છે. તેમને જે વાર્ષિક સાલીયાણું મળે છે તેને અન્ય આવકમાં ગણવામાં આવ્યું છે. આના કારણે અન્ય આવકમાં વધારો જોઈ શકાય છે. ૧૯૬૯ની તપાસ સમયે તપાસેલ કુટુંબોની કુટુંબદીઠ વાર્ષિક આવક રૂા. ૭૦૩ હતી જે વધીને ૧૯૭૯ની તપાસ સમયે રૂા. ૧૯૬૦ની થઈ હતી જ્યારે ૧૯૮૯માં આ આવક વધીને ૫૫૫૦ની થઈ હતી. આમ કુટુંબદીઠ આવકમાં સતત વધારો થયેલો જોઈ શકાય છે. માથાદીઠ વાર્ષિક આવક ૧૯૬૯માં રૂા. ૧૨૪ની હતી જ્યારે ૧૯૭૯માં માથાદીઠ વાર્ષિક આવક રૂપિયા ૭૬૮ની હતી જ્યારે ૧૯૮૯ના વર્ષમાં માથાદીઠ આવક રૂા. ૯૮૦ની હતી. આમ ત્રણે તપાસ દરમિયાન જે તે વર્ષના ભાવની સપાટીએ બધા કુટુંબો ગરીબીની રેખાં નીચે જીવન જીવતા માલુમ પડયા હતા.

ગાઠવીમાં તપાસ હેઠળના કુટુંબોની આવકના મુખ્ય સાધનોમાં ખેતી, પશુપાલન, જંગલમજૂરી, ખેતમજૂરી અને અન્ય મજૂરી તેમજ નોકરીની આવકનો સમાવેશ થાય છે. વિવિધ પ્રકારની મજૂરીની આવક અંગેની વિગતો દર્શાવતો કોઠો જોતાં વધુ સ્પષ્ટ ખ્યાલ આવી શકશે.

<u>કોઠા નં.- ૨૪</u>

<u>જુદી જુદી મજૂરી તથા જંગલ ગૌણ પેદાશની આવક દર્શાવતો કોઠો</u>

| કુલ કુટુંબો | જંગલ-ગૌણ પેદાશ ઘરમાં વાપરેલ લાકડું | ગૌણ પેદાશ | ખેતમજૂરી | બાંધકામની મજૂરી | શેરડીની મજૂરી | જંગલ મજૂરી | અન્ય | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪૨ | ૧૧૪૩૦ | ૨૩૦૦ | ૫૩૫૪૦ | ૧૦૩૨૦ | ૧૧૫૦૦ | ૩૬૯ | ૩૩૫૦ | ૯૨૮૦૯ |
| | ૧૨.૩૧ | ૦૨.૪૮ | ૫૭.૬૯ | ૧૧.૧૧ | ૧૨.૩૯ | ૦.૪૦ | ૩.૬૨ | ૧૦૦.૦૦ |

જમીનનું પ્રમાણ કેટલાક કુટુંબોમાં ઠીક ઠીક હોવા છતાં પણ જમીનના પ્રમાણમાં ખેતીમાંથી વિશેષ ઉત્પાદન મૂળ મોજણીના કાળે જેમ સવિશેષ મેળવી શકતા નહોતા તેમ પુર્નમોજણી ટાણે પણ આ આવકમાં ખાસ વધારો થયો નહોતો તેજ રીતે ત્રીજીવારની મોજણીમાં પણ કોઈ નોંધપાત્ર ફેરફાર જોઈ શકાતો નથી. મતલબ કે ખેતી અને પશુપાલનના ક્ષેત્રે વીસ વર્ષના ગાળામાં ભીલોની ખેતી અને પશુપાલનમાં નોંધપાત્ર પરિવર્તન આવતું નથી. આના કારણે તેમને જુદા જુદા પ્રકારની મજૂરી પર આધારીત રેહેવું પડે છે. ઉપરોકત જુદી જુદી મજૂરીની આવક તથા જંગલ ગૌણ પેદાશ દર્શાવતો કોઠો જોતાં સ્પષ્ટ ખ્યાલ આવે છે કે ખેત-મજૂરીમાંથી સૌથી વધારે આવક મેળવે છે. એટલે કે કુલમજૂરીના ૫૭.૬૯ ટકા હતી જ્યારે બહારગામની મજૂરીમાં શેરડી કાપવા તેમજ બાંધકામની મજૂરીમાંથી અનુક્રમે ૧૨.૩૯ ટકા અને ૧૧.૧૧ ટકા મજૂરી મેળવે છે. જે ખેતમજૂરી પછીના બીજા ક્રમે આવે છે. જંગલ વિપુલ હોવાથી જંગલ તેમની જીવાદોરી છે પણ દિવસે દિવસો જંગલની આવક પણ ઘટેલી જોઈ શકાય છે. જંગલમાંથી ફકત બાળવાના લાકડાનો જ ઉપયોગ થતો હોય તેવું જોઈ શકાય છે. જ્યારે જંગલ ગૌણ પેદાશ અને જંગલ મજૂરી તો નામશેષ રહી ગઈ છે, તેમ કહીએ તો ખોટું નથી. જંગલના કૂપો બંધ થવાથી જંગલની આવકમાં ઘણો ઘટાડો જોઈ શકાય છે. અન્ય આવક ૩.૬૨ ટકા હતી જેમાં ભાડાની આવકનો સમાવેશ થાય છે. આમ કુલ આવકના ૩૯.૮૨ ટકા આવક તો જુદા જુદા પ્રકારની મજૂરીની અને જંગલની હતી. આ સમગ્ર ચિત્ર મજૂરી જ મૂખ્ય વ્યવસાય તરીકે આવી શકે તેવું તરી આવતું જોઈ શકાય છે.

બહારગામ મજૂરી માટે જતા કુટુંબોની માહિતી એકત્ર કરવામાં આવી હતી જેમાં કુટુંબના કોણ સભ્ય બહારગામ મજૂરી માટે જાય છે, ક્યાં જાય છે અને ત્યાં શું કામ કરે છે એ વગેરે વિગતો મેળવવામાં આવી હતી. તપાસેલ ૪૨ કુટુંબોમાંથી ૧૦ કુટુંબો એવા હતા જે બહારગામ મજૂરી માટે જતા જે કુલ કુટુંબોના ૨૩.૮૧ ટકા હતા. તેમની વિગતો કોઠા ધ્વારા જોઈએ.

## કોઠા નં.- ૨૫

### બહારગામ મજૂરી માટે જતા કુટુંબોની વિગતો

| | | કુટુંબના કોણ સભ્યો | | | ક્યાં | | | ત્યાં શું કામ કરે છે. | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| કુલ કુટુંબો | બહારગામ જતા કુટુંબો | બધાજ સભ્યો | છોકરા | ભાઈ | નવસારી | બારડોલી | બીલીમોરા | નળિયા પાડવા | શેરડી કાપવા | વાડીમાં |
| ૪૨ | ૧૦ | ૪ | ૫ | ૧ | ૩ | ૫ | ૨ | ૩ | ૬ | ૧ |
| | ૨૩.૮૧ | | | | | | | ૩૦.૦૦ | ૬૦.૦૦ | ૧૦.૦૦ |

ઉપરોક્ત બહારગામની મજૂરી માટે જતા કુટુંબોના કોઠામાં જોઈ શકાય છે કે કુટુંબના દરેક સભ્યો જતા હોય તેવા ૪ કુટુંબો હતા જ્યારે પાંચ કુટુંબોમાંથી યુવાન છોકરા મજૂરી માટે જતા હતા જ્યારે એક કુટુંબ એવું હતું જેનો ભાઈ બહારગામની મજૂરી જતો હતો. તેઓ મજૂરી માટે નવસારી, બારડોલી અને બિલીમોરા જતા હતા જેમાં બારડોલી જનારની સંખ્યા વધુ હતી કારણ કે ત્યાં સુગર ફેક્ટરીમાં શેરડી કાપવાનું કામ મળી રહેતું હતું જ્યારે નવસારી ત્રણ અને બીલીમોરા ૨ કુટુંબના સભ્યો જતા હતા. ત્યાં તેઓ શું કામ કરે છે તેવા પ્રશ્નના જવાબમાં શેરડી કાપવા જતા ૬ કુટુંબોના સભ્યો, નળિયા પાડવાનું કામ કરતા હોય તેવા ત્રણ કુટુંબો હતા જ્યારે એક કુટુંબ વાડીમાં કામ કરવા માટે જતું હતું. આમ બહારગામની મજૂરીમાં શેરડીમાં કામ કરનારની સંખ્યા વિશેષ હતી.

<u>વપરાશી ખર્ચ</u> :-

તપાસેલ મોટાભાગના કુટુંબોની આર્થિક સ્થિતિ ઘણી જ ખરાબ હતી. કુનબી કરતાં ભીલોની સ્થિતિમાં કોઈ સુધારો જોઈ શકાતો નથી. તેઓ પોતાનું માંડ માંડ પૂરું કરતા હોય છે. મોટેભાગે ચોમાસામાં તો તેઓ જંગલી કંદ પર જ નભતા હોય છે. ચોમાસામાં તેરાના પાનની ભાજી, કુરડુની કુમળી કુંપણો, કુમળા વાંસનું શાક તેમજ જંગલમાંથી કડવા કંદ અને વાજ કંદ લાવી બાફી ખાય છે. આમ વર્ષનો ઘણો બધો સમય જંગલી કંદો અને વનસ્પતિ પર જીવન ગુજારે છે. તપાસ સમયે કુટુંબના માહિતીદાતાઓને પૂછવામાં આવ્યું હતું કે વર્ષમાં કોઈવાર ભૂખ્યા રહેવું પડે છે તો ૧૯ કુટુંબના હામાં જવાબો મળ્યા હતા જે કુલ કુટુંબોના ૪૫ ટકાથાય છે. જ્યારે ૨૩ કુટુંબોના નામાં જવાબ આપ્યા હતા. બધા જ સભ્યોને ભૂખ્યા રહેવું પડે છે તેવા પ્રશ્નના જવાબમાં ૧૬ કુટુંબોના હામાં જવાબો હતા જે ભૂખ્યા રહેતા કુટુંબો ૮૪.૨૧ ટકા કુટુંબો થાય છે જ્યારે બાકીના કુટુંબોમાં અર્ધભૂખ્યા રહેતા હોય તેવી સ્થિતિ હતી. ૧૯૬૯ની મોજણીને આધારે કુટુંબદીઠ વાર્ષિક વપરાશી ખર્ચ ૮૭૫ રૂ. હતું જ્યારે ૧૯૭૯માં તે વધીને રૂપિયા ૨૦૨૬નો થયો હતો જ્યારે ૧૯૮૯ની મોજણીમાં આ ખર્ચ વધીને ૩૬૪૦ રૂ. થયો હતો. બીજા શબ્દોમાં કહીએ તો માથાદીઠ વાર્ષિક વપરાશી ખર્ચ અનુક્રમે ૧૯૬૯ અને ૧૯૭૯ના તપાસ વર્ષમાં રૂ. ૧૫૩ અને રૂ. ૩૩૧ હતો.

૧૯૮૯ના વર્ષે વાર્ષિક માથાદીઠ ખર્ચ વધીને ૬૪૨ રૂપિયા થયો હતો જ્યારે માથાદીઠ માસિક ખર્ચ ૫૩.૫૦ પૈસા જેટલો હતો. આમ ત્રણે સમયની તપાસ સમયે ગાઢવી ગામના કુટુંબો ગરીબી રેખા નીચે જીવતા હતા.

વપરાશ જૂથ પ્રમાણે વાર્ષિક વપરાશી ખર્ચ કોઠા દ્વારા જોતાં તેમના જીવન નિર્વાહનો ખર્ચ કેટલો ઓછો છે તેનો સ્પષ્ટ ખ્યાલ આવશે.

<u>કોઠા નં.- ૨૬</u>

| કુલ કુટુંબો | અનાજ | શાકભાજી | માંસ-ઈંડાં | દૂધ-ઘી | ખાંડ-ગોળ | તેલ | ચા-કોફી | ગરમ મસાલા | દારુ | તમાકુ-બીડી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૪૨ | ૭૯૪૦૦ | ૪૭૭૫ | ૨૧૭૫ | ૬૭૫ | ૨૩૪૫ | ૪૩૫૦ | ૭૩૫ | ૫૭૭૦ | ૩૦૫૫ | ૬૨૪૫ |
| | ૫૧.૯૪ | ૩.૧૨ | ૧.૪૨ | ૦.૪૪ | ૧.૫૪ | ૨.૮૫ | ૦.૪૯ | ૩.૭૮ | ૨.૦૦ | ૪.૦૮ |

| બળતણ કેરોસીન | દિવાસળી | મુસાફરી | કપડાં | પગરખાં | શિક્ષણ | દવાદારુ | સામાજિક-ધાર્મિક | અન્ય | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| [illegible] | [illegible] | ૩૭૪૦ | ૨૬૩૫૦ | ૨૦૦ | ૧૨૦૦ | ૧૬૭૫ | ૭૮૩૫ | ૩૫૦ | ૧૫૨૮૮૦ |
| ૦.૯૮ | ૦.૩૪ | ૨.૪૪ | ૧૭.૨૩ | ૦.૧૩ | ૦.૭૯ | ૧.૦૯ | ૫.૧૨ | ૦.૨૨ | ૧૦૦.૦૦ |

ઉપરોક્ત વપરાશી ખર્ચ દર્શાવતો કોઠો જોતાં સ્પષ્ટ ખ્યાલ આવે છે કે તેમનું જીવન કેટલું વિકટ પરિસ્થિતિમાં છે. જીવન જીવવા માટે જરૂરી એવા અનાજ પાછળ સૌથી વધુ ખર્ચ જોઈ શકાય છે ત્યારપછી કપડાં પાછળનો ખર્ચ આવે છે. તેમના કપડાં પણ કેટલા ઓછા છે તે આગળના ભૌતિક જીવનના પ્રકરણમાં જોયું છે. બાળકો માટે તો તેઓ જુના અથવા તૈયાર કપડાં જ ખરીદતા હોય છે જે સસ્તાં પડે છે. મોટાભાગના લોકો પગરખાં તો પહેરતા જ નથી. મસાલા પાછળનો તેમનો ખર્ચ એ કોઈ તેજાના મસાલા નથી પણ મીઠું-મરચું છે. ચા-કોફી તેઓ કોઈકવાર જ પીએ છે. તેલ તો આર્થિક સ્થિતિ સારી હોય તેજ ખરીદે છે. મોટાભાગના કુટુંબો તો ખુરસાણી પીલાવી તેનું તેલ વાપરે છે અથવા ડોળીના તેલનો ઉપયોગ કરે છે. ભીલ કુટુંબોમાં દારુનું પ્રમાણ વધુ હતું. મુસાફરી ખર્ચ વધુ હતો કારણ કે મજૂરી માટે બહારગામ જવું પડતું. વળી રસ્તાની સગવડો વધવાથી બસ સુવિધા વધી અને તેઓ બસમાં મુસાફરી કરતા થયા. આ પહેલાં તેઓ ચાલતા અથવા ગાડાની મુસાફરી કરતા હતા. આગળ જોયું તેમ વાર્ષિક કુટુંબદીઠ અને માસિક માથાદીઠ ખર્ચ જોતાં સ્પષ્ટ ખ્યાલ આવે છે કે બધાજ કુટુંબો ગરીબી રેખા નીચે જોવા મળે છે.

કોઠા નં.- ૨૭

ઘરેણાં દર્શાવતો કોઠો

| કુલ કુટુંબો | સોનાનાં | ચાંદીનાં | કલાઈનાં | કુલ |
|---|---|---|---|---|
| ૪૨ | ૬૪૦૦ | ૩૩૫૦ | ૩૨૨૫ | ૧૨૯૭૫ |
| ટકા | ૪૯.૩૨ | ૨૫.૮૨ | ૨૪.૮૬ | ૧૦૦.૦૦ |

ઉપરોક્ત ઘરેણાં દર્શાવતા કોઠામાં જોઈ શકાય છે કે સોના-ચાંદી અને કલાઈના ઘરેણાંનો ઉપયોગ કરે છે. તપાસેલ ૪૨ કુટુંબોમાં આર્થિક રીતે થોડાં સમૃધ્ધ એવાં કુનબી કુટુંબો પાસે જ સોનાના ઘરેણાં હતા જ્યારે આર્થિક રીતે નબળા કુટુંબો ચાંદી અને કલાઈના ઘરેણાં વાપરતા હતા. સરેરાશ કુટુંબદીઠ ૩૦૯ રૂપિયાના ઘરેણાં હતાં. ઘરેણાં એ મુશ્કેલીના દિવસો-માં ઉપયોગી હોવાથી કમાણી કરી તેના ઘરેણાં બનાવી પહેરતા હોય છે. આર્થિક મુશ્કેલી આવી પડે અથવા કપરા દિવસોમાં ઘરેણાં વેચી યા ગીરો મૂકી પૈસા મેળવતા હોય છે.

કોઠાનં. - ૨૮

અસ્કયામત રૂપિયામાં

| વર્ષ | કુલ કુટુંબો | ઘરની કિંમત | ઝાડની કિંમત | પશુઓ | ખેતીના સાધનો | ઘરવખરીના સાધનો, ફર્નીચર | ઘરેણાં | જમીન | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૯૮૯ | ૪૨ | ૧૬૧૦૯૦ | ૧૦૪૨૦૦ | ૧૦૦૧૨૫ | ૧૫૨૨૫ | ૩૫૭૫૯ | ૧૨૯૭૫ | ૨૩૬૧૦૦ | ૬૬૫૪૭૪ |
| ટકા | | ૨૪.૨૦ | ૧૫.૬૬ | ૧૫.૦૪ | ૨.૨૯ | ૫.૩૮ | ૧.૯૫ | ૩૫.૪૮ | ૧૦૦.૦૦ |

ઉપરોક્ત કોઠામાં દર્શાવેલી અસ્કયામતો જોતાં સ્પષ્ટ ખ્યાલ આવે છે કે કુટુંબદીઠ અસ્કયામતો વધી છે. આ અસ્કયામતોમાં જમીનની અંદાજીત કિંમત દર્શાવવામાં આવી છે. આજે પણ ડાંગમાં જમીન ખેડૂતોને જમીનનો માલિકી હકક સોંપવામાં આવ્યો નથી પણ ભાડા પટ્ટે આપવામાં આવેલી છે. જો આ જમીનની કિંમત ન ગણવામાં આવે તો કુલ કુટુંબોની અસ્કયામત ૪,૨૯,૩૭૪ રૂપિયા જેટલી થાય છે. જે કુટુંબદીઠ ૧૦,૨૨૩ રૂપિયા કહી શકાય. બીજી મહત્વની બાબત એ છે કે ખેડૂતના ખેતરમાં જે ઈમારતી ઝાડ હોય તેની માલિકી હકક ખેડૂતને મળતો નથી. તેની ઉપજ એટલે કેગૌણ પેદાશ ઉપર તેનો હકક હોય છે. આમ ઘણા પ્રશ્નો આજે પણ ડાંગમાં છે. ઉપરોક્ત કોઠામાં જમીન તથા ઝાડની કિંમતનો પણ સમાવેશ કરેલો છે. વળી આજની ભાવસપાટીએ વસ્તુઓની કિંમત મૂકેલી હોવાથી પણ બધાની કિંમત વધી જાય તે સ્વાભાવિક છે. આમ છતાં ખેતીના સાધનો, ઘરવખરીના સાધનો, ઘરેણાં વગેરેનું પ્રમાણ કેટલું ઓછું છે તે જોઈ શકાય છે.

દેવું :-

તપાસ હેઠળના કુટુંબોને દેવું હતું કે કેમ અને જો તે હોય તો તે રોકડ સ્વરૂપમાં હતું કે વસ્તુના રૂપમાં તે અંગેની પ્રાપ્ત વિગતો દર્શાવે છે કે મૂળ બંને મોજણી કરતાં ૧૯૮૯ની મોજણી ટાણે રોકડ તથા વસ્તુના સ્વરૂપમાં દેવું વધારે હતું. તપાસેલ ૪૨ કુટુંબોમાંથી ૧૭ કુટુંબો દેવાદાર કુટુંબો હતા જે કુલ કુટુંબોના ૪૦.૪૭ ટકા થાય છે. મૂળ મોજણી ટાણેના અહેવાલમાં દર્શાવ્યા પ્રમાણે ૨૫ કુટુંબો દેવાદાર હતા જે બંને મોજણી કરતાં વધુ સંખ્યા હતી. બીજી મોજણી એટલે કે ૧૯૭૯ની મોજણીમાં આ સંખ્યા ઘટીને ૧૧ થઈ હતી. આમ પ્રથમ મોજણીમાં દેવાદાર કુટુંબો વધુ હતાં. બીજી મોજણીમાં દેવાદાર કુટુંબો ઓછા હતા જ્યારે ત્રીજી મોજણીમાં દેવાદાર વધ્યાં હતાં. પ્રથમ મોજણી ટાણે વસ્તુના સ્વરૂપમાં દેવું કરનારંની સંખ્યા વધુ હતી.

કોઠા નં.- ૨૯

દેવું દર્શાવતો કોઠો

| વર્ષ | દેવાદાર કુટુંબો | વસ્તુ સ્વરૂપમાં | રોકડ | કુલ |
|---|---|---|---|---|
| ૧૯૭૯ | ૧૧ | ૧૯૦૦ | ૯૮૬૫ | ૧૧૭૬૫ |
| | ૨૪.૨૪ | ૧૬.૧૪ | ૮૩.૮૬ | ૧૦૦.૦૦ |
| ૧૯૮૯ | ૧૭ | ૧૮૫૫૦ | ૮૪૯૦૦ | ૧૦૩૪૫૦ |
| | ૪૦.૪૭ | ૧૭.૯૪ | ૮૨.૦૬ | ૧૦૦.૦૦ |

ઉપરોક્ત કોઠાનું વિશ્લેષણ કરતાં જણાય છે કે ૧૯૭૯ કરતાં ૧૯૮૯માં દેવાની રકમ અને કુટુંબો બંનેની સંખ્યા વધી છે. વસ્તુ સ્વરૂપ કરતાં રોકડશું સ્વરૂપમાં દેવું વધારે છે. દેવું વધવાનાં કારણો જોઈએ તો જુદી જુદી વિકાસલક્ષી એજન્સીઓ ધ્વારા આપવામાં આવતું ધીરાણ મૂખ્ય છે. મંડળી તરફથી ભેંસ, ગાય માટેની લોન સબસીડી, જિલ્લા એજન્સી ધ્વારા બળદ માટે લોન સબસીડી, તથા ખેતી ઉપયોગી અન્ય ધીરાણોને કારણે પણ આ દેવું વધ્યું છે. ઘરબાંધવા માટે પણ સરકાર તરફથી સહાય મળતી હોય છે. તેનો લાભ પણ કેટલાંક કુટુંબો લેતા થયા છે.

જુદી જુદી એજન્સીઓનું દેવું જોઈએ તો આ અંગે વધુ સ્પષ્ટ ખ્યાલ આવે.

કોઠા નં.- ૩૦

એજન્સીવાર દેવું દર્શાવતો કોઠો

| વર્ષ | દેવાદાર કુટુંબો | સરકાર | શાહુકાર વેપારી | સહકારી મંડળી | પંચાયત | સગાસંબંધી |
|---|---|---|---|---|---|---|
| ૧૯૬૯ | ૨૫ | - | ૨૧ | - | - | ૪ |
| ૧૯૭૯ | ૧૧ | ૩ | ૬ | - | - | ૨ |
| ૧૯૮૯ | ૧૭ | ૧૨ | ૭ | ૩ | ૧ | ૩ |

ઉપરના આંકડાઓનું વિશ્લેષણ કરતાં જણાય છે કે ૧૯૬૯ અને ૧૯૭૯ ની મોજણી ટાણે શાહુકાર પાસેથી દેવું કરનારાઓનું પ્રમાણ ઠીક ઠીક મોટું હતું જ્યારે ૧૯૮૯ની મોજણી ટાણે આ પ્રમાણ ઘટેલું જોઈ શકાય છે જ્યારે સરકારી/સહકારી મંડળી તથા પંચાયતનું દેવું વધેલું જોઈ શકાય છે. આમ આગળ જોયું તેમ સરકારી એજન્સીઓ ધ્વારા મળતા લાભો લેતા થયા છે અને તેમનું આ દેવું વિકાસલક્ષી દેવું હતું. શાહુકાર વેપારીની પકકડમાંથી પણ ધીરે ધીરે છુટતા જતા હોવાની સંભવિતતા છે. ઉપરોકત ૧૯૮૯ના વર્ષમાં દેવાદાર કુટુંબો કરતાં એજન્સીઓની સંખ્યા વધુ છે કારણ કે કેટલાક કુટુંબોએ સરકારી એજન્સી તથા અન્ય જગ્યાએથી પણ દેવું દર્શાવ્યું હતું.

હેતુવાર દેવું :-

દેવાદાર કુટુંબોએ ક્યા હેતુ માટે દેવું કર્યું છે તે કોઠા ધ્વારા જોઈએ.

કોઠા નં.- ૩૧

હેતુવાર દેવું

| વર્ષ | દેવાદાર કુટુંબો | કૂવા માટે | બળદ માટે | ભેંસ ખરીદવા | કપડાં | ધંધા માટે ગૃહઉદ્યોગ | ઘર બાંધવા | નિર્વાહખર્ચ માટે | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૯૬૯ | ૨૫ | – | – | – | ૨ | – | – | ૨૩ | ૨૫ |
| ૧૯૭૯ | ૧૧ | – | – | – | ૪ | – | ૧ | ૬ | ૧૧ |
| ૧૯૮૯ | ૧૭ | ૧ | ૮ | ૨ | ૪ | ૩ | ૨ | ૫ | ૨૫ |

ઉપરોક્ત કોઠામાં જોઈ શકાય છે કે ૧૯૬૯ અને ૧૯૭૯ની મોજણીમાં મુખ્યત્વે દેવું નિર્વાહ ખર્ચ માટે અને કાપડ જેવી જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ મેળવવા માટે જ કર્યું છે. ખેતી વિકાસ યા ગૃહઉદ્યોગોની ખીલવણી જેવા ઉત્પાદન હેતુઓ માટે દેવું કર્યાનું કોઈએ જણાવ્યું નહોતું. જ્યારે ૧૯૮૯ની મોજણીમાં વિકાસલક્ષી હેતુઓને માટે દેવું કર્યાનું જોઈ શકાય છે. બળદ માટે ૮ કુટુંબોએ, કુવા માટે એક કુટુંબે અને ધંધા માટે, ૩ કુટુંબોએ દેવું કર્યાનું જોઈ શકાય છે. આમ છતાં આજે પણ જીવનનિર્વાહ માટે દેવું કરવાની ફરજ પડી હોય તેવા ૫ કુટુંબો હતા, તેજ રીતે કપડાં ખરીદવા ૪ કુટુંબોએ દેવું કર્યું હતું. મતલબ કે પેટનો ખાડો પૂરવા-યા અન્ન વસ્ત્ર જેવી પ્રાથમિક જરૂરિયાતો મેળવવા માટે દેવું કરવું પડયું હતું. જોકે સરકાર, સહકારી મંડળીઓ દ્વારા પણ ધીર-ધારની પ્રક્રિયા ચાલુ થઈ છે તે જોઈ શકાય છે.

-૦-૦-

## પ્રકરણ - ૪

## તપાસેલ કુટુંબોની જાતિ અને વ્યવસાય પ્રમાણે તુલનાત્મક સ્થિતિ-૮૯

આગળના પ્રકરણમાં જોયું તેમ ૧૯૮૯ની મોજણીમાં ૪૨ કુટુંબોની મોજણી કરવામાં આવી જેમાં ભીલોના ૩૨ કુટુંબોમાંથી ૭ કુટુંબો ખેતમજૂરી તથા અન્ય મજૂરી પર આધારીત હતા જ્યારે ૨૫ કુટુંબો ખેતી ઉપરાંત મજૂરી અને પશુપાલન પર આધારિત હતા. તપાસેલ ૧૦ કુનબી કુટુંબોનો મુખ્ય વ્યવસાય ખેતી પશુપાલનનો હતો. આ કુટુંબોની તુલનાત્મક સ્થિતિ તપાસીએ તો વાસ્તવિક પરિસ્થિતિનો વધુ સ્પષ્ટ ખ્યાલ આવે.

### કોઠા નં. ૩૨: ૪

### જાતિવાર વસતિ દર્શાવતો કોઠો

| જાતિ | કુલ કુટુંબો | પુરુષ | સ્ત્રી | કુલ |
|---|---|---|---|---|
| ભીલ | ૨૫ | ૬૮ | ૭૪ | ૧૪૨ |
| | ૫૯.૫૩ | ૪૭.૮૯ | ૫૨.૧૧ | ૧૦૦.૦૦ |
| ભીલ ખે. મ. | ૭ | ૨૨ | ૧૫ | ૩૭ |
| | ૧૬.૬૭ | ૫૯.૪૫ | ૪૦.૫૫ | ૧૦૦.૦૦ |
| કુનબી | ૧૦ | ૩૦ | ૨૯ | ૫૯ |
| | ૨૩.૮૦ | ૫૦.૮૫ | ૪૯.૧૫ | ૧૦૦.૦૦ |
| કુલ | ૪૨ | ૧૨૦ | ૧૧૮ | ૨૩૮ |
| | ૧૦૦.૦૦ | ૫૦.૪૨ | ૪૯.૫૮ | ૧૦૦.૦૦ |

ઉપરોક્ત વસતિ દર્શાવતા કોઠામાં ભીલ ખેતમજૂરો ૭ કુટુંબોની કુલ વસતિ ૩૭ હતી જેમાં ૨૨ પુરુષો અને ૧૫ સ્ત્રીઓ હતી, જેમાં સ્ત્રીઓ-ની સંખ્યા ઓછી હતી જ્યારે ખેતી કરતા ૨૫ ભીલ કુટુંબો અને ૧૦ કુનબી કુટુંબોમાં પુરુષ સ્ત્રીની વસતિમાં કોઇ મોટો તફાવત જોઈ શકાતો નથી. આ કુટુંબોમાં કામ કરનારની સંખ્યા ખેતીવાળા ૨૫ ભીલ કુટુંબોમાં ૪૭ પુરુષો કમાનાર હતા જ્યારે ૪૬ સ્ત્રીઓ કમાનાર હતી. જે સંખ્યા બરાબર હતી. તેજ રીતે દસ કુનબી કુટુંબોમાં પણ કમાનારની સંખ્યા લગભગ સમાન હતી તેજ રીતે સાત ખેતમજૂરી કરનાર કુટુંબના ૧૪ પુરુષ સભ્યો અને ૧૧ સ્ત્રી સભ્યો કમાનાર હતા. કોઠા દ્વારા જોઈ શકાય છે કે ભીલ કુટુંબોમાં પુરુષ અને સ્ત્રીઓ લગભગ સરખા પ્રમાણમાં કામ કરતી હતી જ્યારે કુનબી કુટુંબોમાં પુરુષો કરતાં સ્ત્રીઓની ટકાવારી ઓછી હતી.

## કોઠા નં.- ૩૩

## જાતિ પ્રમાણે કમાનારાઓનો કોઠો

| જાતિ | કુટુંબો | કમાનાર પુ. | કમાનાર સ્ત્રી | નાની વયના કમાનાર પુ. | નાની વયના કમાનાર સ્ત્રી | કુલ પુરુષ | કુલ સ્ત્રી | કુલ કમાનાર |
|---|---|---|---|---|---|---|---|---|
| ભીલ | ૨૫ | ૪૨ | ૪૧ | ૫ | ૫ | ૪૭ | ૪૬ | ૬૪.૧૩ |
| | | | | | | ૩૨.૪૧ | ૩૧.૭૩ | ૬૪.૧૩ |
| ખેતમજૂર ભીલ | ૭ | ૧૨ | ૧૧ | ૨ | - | ૧૪ | ૧૧ | ૨૫ |
| | | | | | | ૪૦.૦૦ | ૩૧.૪૨ | ૭૧.૪૨ |
| કુનબી | ૧૦ | ૧૫ | ૧૪ | ૧ | - | ૧૬ | ૧૫ | ૩૧ |
| | | | | | | ૨૭.૧૧ | ૨૫.૪૨ | ૫૨.૫૫ |

ઉપરોક્ત કોઠામાં જોઈ શકાય છે કે ખેતમજૂર કુટુંબોના સૌથી વધુ સભ્યોને કામ કરવું પડે છે જ્યારે બીજા નંબરે ખેતીવાળા ભીલ કુટુંબો આવે અને ત્રીજા નંબરે કુનબી કુટુંબો આવે છે. આ બતાવે છે કે ભીલ જાતિના કુટુંબોમાં કામ કરવા લાયક બધા જ સભ્યોને કામ કરવું પડે છે અને નાની ઉંમરનાં કામ કરનાર સભ્યોની સંખ્યા પણ ભીલ કુટુંબોમાં વધું છે.

કોઠા નં.- ૩૪

જાતિવાર આવક દર્શાવતો કોઠો

| જાતિ | કુલ કુટુંબો | ખેતી-પશુપાલન | મજૂરી | જંગલની આવક | નોકરી | ગૃહઉદ્યોગ વેપાર | અન્ય | કુલ આવક |
|---|---|---|---|---|---|---|---|---|
| ભીલ | ૨૫ | ૨૧૭૫૨ | ૪૯૨૭૮ | ૧૦૦૦ | ૧૧૨૦૦ | ૧૮૦૦ | ૨૭૦૦ | ૮૭૭૩૦ |
| ખેતીવાળા | | ૨૪.૮૦ | ૫૬.૧૭ | ૧.૧૩ | ૧૨.૭૭ | ૨.૦૫ | ૩.૦૭ | ૧૦૦.૦૦ |
| ભીલ | ૭ | ૨૯૮ | ૧૫૬૨૦ | ૧૮૦૦ | – | – | ૬૫૦ | ૧૯૬૬૮ |
| ખેતમજૂરી | | ૧.૫૨ | ૮૬.૦૧ | ૯.૧૬ | | | ૩.૩૦ | ૧૦૦.૦૦ |
| કુનબી | ૧૦ | ૪૦૦૮૫ | ૭૦૪૦ | ૭૦૦ | ૧૮૦૦૦ | – | – | ૬૫૮૨૫ |
| | | ૬૦.૯૦ | ૧૦.૭૦ | ૧.૦૬ | ૨૭.૩૪ | | | ૧૦૦.૦૦ |

(કૌંસમાં આંકડા ટકાવારી દર્શાવે છે.

ઉપરોક્ત આવક દર્શાવતો કોઠામાં જોઈ શકાય છે કે ખેતી પશુપાલનની આવક ભીલો કરતાં કુનબી કુટુંબોની વધારે છે. જ્યારે તેની સામે મજૂરીની આવક કુનબી કરતાં ભીલોની વધારે છે. એટલે કે તેમની ખેતી પ્રાથમિક કક્ષાની છે. ખેતીમાં પૂરતું ઉત્પાદન ન મેળવી શકવાને કારણે તેમને મજૂરી પર આધારીત રહેવું પડે છે જ્યારે નોકરીમાં પણ ભીલ કુટુંબો કરતાં કુનબી કુટુંબોની આવક વધું છે. આમ સમગ્ર કોઠાના તારણ રૂપ કહી શકાય કે કુનબી કરતાં ભીલોની સ્થિતિ હજુ ઘણી નબળી છે.

## કોઠા નં.- ૩૫

## જાતિવાર કુલ આવક ખર્ચ દર્શાવતો કોઠો

| જાતિ | કુટુંબો | કુલ આવક | કુલ ખર્ચ |
|---|---|---|---|
| ભીલ | ૨૫ | ૮૯૫૨૨ | ૮૭૯૭૦ |
| | | ૫૧.૧૫ | ૫૭.૭૦ |
| ભીલ ખેતમજૂર | ૭ | ૧૯૬૬૮ | ૨૦૬૪૦ |
| | | ૧૧.૨૩ | ૧૩.૫૩ |
| કુનબી | ૧૦ | ૬૫૮૨૫ | ૪૩૮૬૦ |
| | | ૩૭.૬૨ | ૨૮.૭૭ |
| કુલ | ૪૨ | ૧૭૫૦૧૫ | ૧૫૨૪૭૦ |

ઉપરોકત આવક ખર્ચનો કોઠો જોતાં કુનબી કરતાં ભીલોની આવક ખર્ચના પ્રમાણમાં ઓછી છે. ખેતી કરતા ભીલો અને ખેતમજૂરી કરતાં ભીલોમાં પણ કોઈ તફાવત દેખાયો નથી. બંનેની આર્થિક સ્થિતિ નબળી જોઈ શકાય છે. આના કારણે તેમને જીવનનિર્વાહ માટે દેવું કરવાની ફરજ પડે છે. ઉપરોકત આવકને આધારે જોઈ શકાય છે કે ભીલોમાં કુટુંબદીઠ આવક ૩૫૮૧ રૂપિયા થાય છે જ્યારે કુનબી જાતિના કુટુંબોની કુટુંબદીઠ આવક ૬૫૮૩ છે. જ્યારે ખેતમજૂરી કરતા ભીલ કુટુંબોની આવક ૨૮૧૦ રૂપિયા થાય છે. આમ કુટુંબદીઠ આવક ભીલો કરતાં કુનબીઓની ડબ્બલ છે. એજ રીતે માથાદીઠ આવક કુનબીઓની ૧૧૧૫ રૂા. છે જ્યારે ખેતી કરતા ભીલોની ૬૧૭ રૂા. છે. જ્યારે ખેતમજૂરી કરતા ભીલોની ફકત ૫૬૨ રૂપિયા થાય છે.

કોઠા નં.- ૩૬

જાતિવાર દેવું દર્શાવતો કોઠો

| જાતિ | કુલ કુટુંબો | દેવું (રૂપિયામાં) |
|---|---|---|
| ભીલ ખેતીવાળા | ૨૫ | ૮૧૩૦૦ |
| | | ૭૮.૫૯ |
| ભીલ ખેતમજૂર | ૭ | ૧૧૬૫૦ |
| | | ૧૧.૨૭ |
| કુનબી ખેતીવાળા | ૧૦ | ૧૦૫૦૦ |
| | | ૧૦.૧૪ |
| કુલ | ૪૨ | ૧૦૩૪૫૦ |

ઉપરોકત દેવાના આંકડા જોતાં ખેતીવાળા ભીલ કુટુંબોનું ૭૮.૫૯ ટકા દેવું છે જ્યારે ખેતમજૂરોનું ૧૧.૨૭ ટકા અને તેથી ઓછું કુનબીઓ ૧૦.૧૪ ટકા છે. આર્થિકના પ્રકરણમાં દેવાના હેતુઓ જોયા છે, તેમ ભીલ જાતિના કુટુંબોને જીવનનિર્વાહ માટે દેવું કરવું પડે છે. આવક ખર્ચના કોઠામાં પણ જોયું તેમ આવક કરતાં ખર્ચનું પ્રમાણ વધુ છે જેથી ફરજિયાત દેવું કરવાની ફરજ પડે છે. આમ દેવાદાર કુટુંબોમાં પણ ભીલોની સંખ્યા વધુ હતી.

ઉપરોકત જુદા જુદા પ્રકારની મજૂરીની આવક દર્શાવતા કોઠામાં જોઈ શકાય છે કે ખેતમજૂરીનું સ્થાન મોખરે છે. ખેતમજૂરી ઉપર આધારિત સાત ભીલ કુટુંબોની આવક સૌથી વધુ છે. ત્યારબાદ ખેતીવાળા ભીલ કુટુંબો આવે છે જયારે કુનબી કુટુંબોની આ આવક ઓછી છે. એ સ્પષ્ટ બતાવે છે કે ભીલોનો મુખ્ય આધાર ખેતમજૂરી પર છે. આ સિવાયની અન્ય મજૂરીમાં પણ ભીલ કુટુંબોની આવકો મોખરે છે. જેમાં બાંધકામ મજૂરી અને શેરડી કાપવાની બહારગામની મજૂરીનો સમાવેશ થાય છે. સમગ્ર કોઠાના તારણરૂપ કહી શકાય કે ખેતમજૂરીની આવક પોતાના ગામ કે વિસ્તારમાં ન મળતી હોવાથી બહારગામ મજૂરી માટે જવું પડે છે. અને આ મજૂરી કરવા જતાં કુટુંબોમાં ભીલ કુટુંબો મોખરે છે એટલે કે મજૂરી માટે સ્થળાંતર કરનાર કુટુંબોમાં ભીલ જાતિના કુટુંબો વધુ છે. વારંવાર સ્થળાંતર કરવાના કારણે તેમના બાળકો ઉપર શિક્ષણની પણ અસર પડે છે. શિક્ષણ દર્શાવતા કોઠામાં જોઈએ તો ભીલ કરતાં કુનબીઓમાં શિક્ષણ ટકાવારીની દૃષ્ટિએ વધું હતું. જયારે ખેત-મજૂરોમાંતો ફકત સાત વ્યકિત ભણેલા હતા અને ૪ વ્યકિત ચાલુ અભ્યાસ કરતા માલુમ પડયા હતા. આ સમગ્ર કોઠાના તારણરૂપ કહી શકાય કે જેમની આર્થિક સ્થિતિ સારી છે તેમના જ બાળકો નિયમિત નિશાળે જાય છે. જેમની આર્થિક સ્થિતિ નબળી છે તેવા કુટુંબોના બાળકો નિશાળે જવામાં નિયમિત નથી અને આગળ અભ્યાસ પણ કરી શકતા નથી.

## કોઠા નં.- ૩૮

### જાતિવાર શિક્ષણ દર્શાવતો કોઠો

| જાતિ | કુલ કુટુંબો | અભણ | | ભણેલા | | અભ્યાસ ચાલુ ૧થી ૪ધો. | | ૫થી ૭ ધો. | | ૮થી ૧૦ ધો. | | ઉચ્ચ શિક્ષણ | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી |
| ભીલો | ૨૫ | ૩૨ | ૫૪ | ૨૪ | ૪ | ૩ | ૨ | ૨ | ૧ | - | - | - | - | ૫ | ૩ |
| કુનબી | ૧૦ | ૧૦ | ૧૮ | ૧૫ | ૭ | ૪ | ૨ | - | ૧ | - | - | - | ૨ | ૪ | ૫ |
| ખેતમજૂર ભીલો | ૭ | ૧૪ | ૧૦ | ૫ | ૨ | ૨ | ૧ | ૨ | ૧ | - | - | - | - | ૩ | ૧ |
| કુલ | ૪૨ | ૫૬ | ૮૨ | ૪૪ | ૧૩ | ૯ | ૫ | ૩ | ૨ | - | - | - | ૨ | ૧૨ | ૯ |

હમણાં મધ્યાહન ભોજન યોજના ચાલતી હોવાથી તેમજ નિશાળે જવા યોગ્ય ઉંમરના બાળકોને ફરજિયાત નામ નોંધણી શિક્ષકો દ્વારા થતી હોવાથી ૧ થી ૩ ધોરણના બાળકોની સંખ્યા ઘણી વધારે જોઈ શકાય છે. આની માહિતી પ્રથમ પ્રકરણમાં આપવામાં આવી છે. આમ ગામમાં સમગ્ર શિક્ષણ વધ્યું હોવા છતાં આર્થિક રીતે નબળા એવા ભીલ કુટુંબોમાં શિક્ષણનું પ્રમાણ જે રીતે વધવું જોઈએ તે રીતે વધેલું જોઈ શકાતું નથી તેના કારણોમાં આગળ જોયું તેમાં વારંવાર સ્થળાંતર, ઓછી આવકને કારણે બાળકોને કામ પર લગાડવા વગેરે.

સમગ્ર પ્રકરણને અંતે કહી શકાય કે ગાઢવી ગામમાં વસવાટ કરતા ભીલો, કુનબી અને વારલી જાતિના કુટુંબોમાં કુનબી કુટુંબોની આર્થિક સ્થિતિ સારી છે. ત્યાર પછી વારલી જાતિની અને પછી છેલ્લે ભીલ જાતિની કુટુંબો આવે છે. ભીલો કરતાં કુનબી જાતિના કુટુંબોનો વિકાસ ઝડપી થઈ રહ્યો છે તેમ કહી શકાય.

## વિકાસલક્ષી યોજનામાં મળેલ લાભો અને નિષ્કર્ષ :-

૧૯૭૯ની મોજણી સમયે પણ માહિતીદાતાઓને સરકારશ્રી તરફથી મળેલા લાભો અંગે પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. સરકારે ખાતર, બિયારણ આપ્યું છે. તેમાં માત્ર બેજ માહિતીદર્શકોએ હકારમાં જવાબ આપ્યા હતા. જ્યારે પશુઓ માટે લોન મળી છે તેવા પ્રશ્નના ઉત્તરમાં ૩૨ માહિતી-દર્શકોએ હકારમાં પ્રત્યુત્તર આપ્યા હતા. આમ ૧૯૭૯માં ગાય, ભેંસ, બળદ માટેની લોન મેળવનાર સભ્યોની સંખ્યા વધુ હતી. જ્યારે એક વ્યકિતએ મકાન માટે રૂા. ૫૦૦ની મદદ મળી હોવાનું જણાવ્યું હતું.

૧૯૮૯ની મોજણી સમયે કીટસનો ઉપયોગ કર્યો હોય તેવા પ્રશ્નના ઉત્તરમાં માત્ર એકજ માહિતી દર્શકે હકારમાં પ્રત્યુત્તર આપ્યો હતો. જમીન ખરીદવામાં પણ એક માહિતીદર્શકે હકારમાં જવાબ આપ્યો હતો. એક માહિતી દર્શકે જમીન ભાડે ખેડવાનું દર્શાવ્યું હતું. જોકે ત્રણજણે જમીન ભાગે ખેડવા માટે આપી હતી. આમાંથી એકજણે ઉત્પાદનમાંથી મજૂરી વાળી લેવાની શરતે અને એકજણે વાર્ષિક ૫૦૦ રૂા.ની રોકડ મેળવવાની શરતે ખેડવા આપી હતી.

આમ ૧૯૭૯ અને ૧૯૮૯ની મોજણીમાં સરકારી લાભો મેળવવામાં મોટો તફાવત નથી પણ ગૃહઉદ્યોગ માટે મદદ મળી હોય તેવા કુટુંબોની સંખ્યા વધી હતી. સાથે સાથે બળદગાડુ, મકાન બાંધવા સહાય વગેરેમાં વધારો જોઈ શકાય છે. ઘર બાંધવા માટે પ્લોટ અને ઘર બાંધવા માટે સહાય મેળવનારની સંખ્યા પણ વધી હતી જે ૧૯૭૯માં એક પણ નહતી.

હવે ૧૯૮૯ની મોજણીમાં સરકારી લાભો મેળવેલ કુટુંબોની વિગતો જોઈશું. તપાસ હેઠળના કુટુંબોના વડાઓને સરકારશ્રીના વિકાસ કાર્યક્રમોના લાભો સંબંધિત એવા કેટલાક પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. જેના પ્રત્યુત્તર પરથી કરેલી તારવણી નીચે પ્રમાણે છે. ખેતી વિકાસ કાર્યક્રમો હેઠળ કિટ્સ મળેલ એક કુટુંબ, બળદ મળેલ ૩ કુટુંબો, ખાતર મળેલ એક કુટુંબ, બિયારણ (શાકભાજી) મળેલ એક કુટુંબ, ગાડુ મળેલ એક કુટુંબ અને કૂવા માટે સહાય મળેલ એક કુટુંબોના જવાબો હતા. ખેતી વિકાસ કાર્યક્રમમાં બળદ મળેલાની સંખ્યા ત્રણની હતી જે સૌથી વધુ છે.

પશુપાલન વિકાસ કાર્યક્રમ હેઠળ ત્રણ કુટુંબોને ભેંસ મળેલી હતી તેવા જવાબો હતા. જંગલ વિકાસના કાર્યક્રમમાં એકપણ કુટુંબને કોઈ લાભ મળ્યો નહતો.

માછલાં પકડવાનાં સાધનો મળ્યાં હોય તેવું એક પણ કુટુંબ ન હતું. જ્યારે કુટિર ઉદ્યોગ માટેની સહાય મેળવનાર પણ તપાસ હેઠળનાં કુટુંબોમાં એક પણ કુટુંબ ન હતું.

સ્વયં રોજગાર માટેની મદદ મળી હોય તેવા ૩ કુટુંબોના જવાબો હતા. તેમને શાકભાજી માટે લારી તથા સિવવાના સંચા ખરીદવા માટે ૨૯૦૦ રૂપિયાની સહાય સરકાર તરફથી મળી હતી.

રહેઠાણ માટે પ્લોટ મળ્યા હોય તેવાં ૪ કુટુંબો હતાં જેમાં ત્રણ કુટુંબોએ પ્લોટ પર બાંધકામ કર્યું હતું. જે બાંધકામ માટે તેમને ૧૭૫૦ રૂ. સહાય મળી હતી જ્યારે મકાન સમારકામ માટે એક કુટુંબને સહાય મળી હતી. છેલ્લાં દસ વર્ષમાં કોઈ જમીન ખરીદી છે કે કેમ તેવા પ્રશ્નના જવાબમાં એક જ કુટુંબે જમીન ખરીદી હોવાનું જણાવ્યું હતું. ૨૦ વર્ષના મૂડીરોકાણમાં ફક્ત એક કોંકણા કુટુંબે નવું મકાન બનાવ્યું હતું. ઢોર ખરીદયા હતા તથા નવી જમીન ખરીદી હતી. આ સિવાય બીજા કોઈ કુટુંબે મૂડીરોકાણ કર્યાનું જણાવ્યું ન હતું. દસ વર્ષમાં આ માહિતીદર્શકોમાંથી કોઈએ જમીન વેચી ન હોવાનું કે અન્ય કોઈની પાસેથી જમીન ગીરો રાખી ન હોવાનું જણાવ્યું હતું પણ એક બે માહિતીદર્શકોએ જમીન ભાડે ખેડે છે તેવું જણાવ્યું હતું.

તપાસ કુટુંબની આવક વધે તે માટે તમને કયા સાધનોની જરૂરિયાત છે તેવા પ્રશ્નના પ્રત્યુત્તરમાં માહિતીદર્શકો ખાસ જવાબ આપી શકયા ન હતા પણ કેટલાક ભણેલા અને આર્થિક રીતે સારા ખેડૂતોએ નીચેનાં સૂચનો કર્યાં હતાં.

(૧) ખેતી માટે બળદ આપવા જોઈએ.

(૨) પશુપાલન માટે ગાય, ભેંસ આપવી જોઈએ.

(૩) ગૃહઉદ્યોગ ચાલુ કરવા જોઈએ. તેમાં સિવણ માટે સંચા આપવા જોઈએ તેમજ અન્ય ગૃહઉદ્યોગો ચલાવવા જોઈએ.

(૪) ખેતી માટે જમીન આપવી જોઈએ.

(૫) પેપરમીલ ચલાવવી જોઈએ જેથી ઓછું ભણેલા યુવાનોને રોજગારી આપી શકાય.

(૬) ચેક ડેમ બનાવવો જોઈએ.

નિષ્કર્ષ :-

ઉપરના સમગ્ર વર્ણન પરથી તેમજ તપાસ હેઠળના ગામની લીધેલી મુલાકાત પરથી લાગે છે કે છેલ્લા વીસ વર્ષમાં ગામની કેટલીક જાહેર સુવિધાઓ વધી છે. જેવી કે પાકા રસ્તા, બસ સુવિધા, વીજળી, દળવાની ઘંટી, જાહેર ટેલીવિઝન (સ્કુલ અને પંચાયતમાં મૂકવામાં આવ્યાં છે) મોજશોખના સાધનો વધ્યા છે જેમાં રેડીયો, ટી.વી. વગેરેનો સમાવેશ થઈ શકે. આ ઉપરાંત વાહનોમાં અપવાદરૂપે બે ત્રણ કુનબી કુટુંબો સાયકલ,સ્કુટર વગેરે વસાવતા થયા છે. પ્રાથમિક જીવન જરૂરી વસ્તુઓ પણ ગામની સ્થાનિક દુકાનોમાં મળતી થઈ છે. ગામના ઘરોમાં પણ થોડો સુધારો જોઈ શકાય છે. પહેલાં જે ઘાસ પાત્રા અને વાંસ વાપરતા તેનું સ્થાન ધીરે ધીરે વિલાયતી નળિયાં તથા પથ્થરની દિવાલોએ લેવા માંડયું છે. ઘરથાળના પ્લોટ મળવાથી ઘરો પણ એકંદરે હરોળમાં બન્યાં લાગે છે. ઘરવખરીના સાધનોમાં તાંબા, પિત્તળ અને સ્ટીલના વાસણો વધ્યાં છે. જે ભૌતિકના પ્રકરણમાં જોઈ શકાય છે. શિક્ષણમાં પરિવર્તન જોઈ શકાય છે. ગામમાં સગવડ ન હોય તો છાત્રાલય, કે આશ્રમશાળાઓમાં રહી અભ્યાસ કરતા થયા છે. શિક્ષણના કારણે પહેરવેશમાં પરિવર્તન આવ્યું છે. શહેરી લોકોની જેમ પહેરવેશ પહેરે છે. જોકે ભણેલા અને નોકરી કરતા કુટુંબોમાંજ આ ફેરફાર જોઈ શકાય છે.

આર્થિક ઉપાર્જનમાં કોઈ મોટા ફેરફારો આવ્યા હોય તેવું જોવા મળતું નથી કારણ કે મુખ્ય વ્યવસાય ખેતી છે અને તે સંપૂર્ણ આકાશી છે. પાણીની અછતને કારણે ખેતીમાં બહુ મોટો ફેરફાર જોઈ શકાતો નથી. આમ છતાં રોકડીયા પાકો કરતાં થયા છે. તેમાં મગફળી મુખ્ય છે. બિયારણ કિટ્સનો ઉપયોગ પણ કરતા થયા છે. આવકો વધી છે પણ આજની ભાવસપાટીના કારણે જીવનધોરણનું સ્તર ઉંચું થયું હોય તેવું જોઈ શકાતું નથી.

જે પરિવર્તનો આવ્યાં છે તે ભીલો કરતાં કુનબી અને વારલી કુટુંબોમાં વધુ દેખાય છે. જ્યારે ભીલોનાં તો આજે પણ તેમના રહેઠાણ કાચાં હતાં. સંખ્યાબંધ કુટુંબોને ભૂખ્યા પણ રહેવું પડતું હતું. જે આગળની બંને મોજણીમાં પણ હતું. જમીન ધારણકર્તા ભીલો તેમની જમીનનો, ગામના અન્ય કુનબી ખેડૂતોની જેમ વધુ ઉત્પાદન મેળવવામાં ઉપયોગ કરી શકયા નહોતા. ખેતી કરતાં મજૂરી પર તેમનો આર્થિક નિર્વાહ વધુ આધારિત હતો. વિકાસ

યોજનાઓનો લાભ તેઓ મેળવી શક્યા નહોતા. પાયાની જીવનજરૂરિયાતો પૂરી પાડવા માટે તેમણે મહદઅંશે દેવું કરવું પડતું હતું. ખેતમજૂરી પર નભતાં સંખ્યાબંધ કુટુંબો ગામના અને અન્ય પડોશી ગામના ખેડૂતોને ત્યાં ખેત-મજૂરીએ જતા હતા. કેટલાક તો બહારગામની મજૂરી જેમાં શેરડી કાપવા તથા નળિયા બનાવવા જતા. ગામમાં મજૂરીનો દર પણ અનાજના રૂપમાં આપવામાં આવે છે. હજુ પણ એક ટંક રોટલા અને બે થી અઢી કીલો અનાજ આપવામાં આવે છે. માસિક બંધાયેલ મજૂરને ૧૦૦ થી ૧૫૦ રૂપિયા સુધી અને જમવાનું મળતું. ખેડૂતો માસિક બંધાયેલ મજૂરને કામ હોય ત્યાં સુધી જ બેથી ચાર માસ માટે જ રાખતા હોય છે.

આમ છતાં અગાઉની બંને તપાસો કરતાં ૧૯૮૯ની તપાસમાં પ્રાથમિક જરૂરિયાતોની સગવડ વધી હતી અને કેટલાક કુટુંબોએ સરકારી વિકાસલક્ષી યોજનાઓના લાભો પણ લીધા હતા. જેના કારણે તેમની આવકો પણ વધી હતી. આમ છતાં બધાં કુટુંબો ગરીબી રેખા નીચે જીવતાં હતાં.

-o-o-o